શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઈનું મુખપત્ર

# સોરઠ વિશાશ્રીમાળી

SORATH VISASHRIMALI - RNI NO.: 22805/73

Vol. No. : 51 ❖ Issue : 02 ❖ Pages : 44 ❖ Mumbai ❖ March 2023 ❖ Price : Rs.8/-

## તપસ્વી બહુમાન સમારંભના યાદગાર સંભારણા









## માર્ચ માસના મુખપત્રના સૌજન્યદાતા
## શ્રી શ્રીકાંતભાઈ (ભીખુભાઈ) સાકરચંદ વસા

આપણા સમાજના ભૂતપૂર્વ પ્રમુખશ્રી તેમજ જૈન સમાજની અગ્રગણ્ય શિક્ષણ સંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ભૂતપૂર્વ માનદ્ મંત્રીશ્રી અને ભૂતપૂર્વ ટ્રસ્ટી શ્રીકાંત (ભીખુભાઈ) સાકરચંદ વસાના જીવનનો સંક્ષિપ્ત પરિચય અહીં આપેલ છે.

પ્રાથમિક શિક્ષા રાજકોટમાં તથા માધ્યમિક શિક્ષણ ધોરાજી ખાતે શ્રી દેવકરણ મૂળજી જૈન બોર્ડીંગમાં કરેલ. બોર્ડીંગના ડોનર ટ્રસ્ટી પણ છે. ત્યારબાદ મુંબઈ આવી કૉલેજમાં અભ્યાસ કરી, મુંબઈ યુનિવર્સિટીમાંથી એલ.એલ.બી.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે. જે સંસ્થામાં તેઓ વિદ્યાર્થી તરીકે ભણ્યા તે જ સંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં ભૂતપૂર્વ ચેરમેન તથા માનદ્મંત્રી પદ શોભાવી ચૂક્યા છે. જે આપણા સમાજ માટે ગૌરવની વાત છે.

એડવોકેટ તરીકે ઈ.સ.૧૯૬૫થી ટેક્ષ અને પ્રોપર્ટી કન્સલ્ટન્ટ તરીકેના વ્યવસાયમાં સફળ થયા. ઈન્વેસ્ટમેન્ટ અને પ્રોપર્ટીમાં સક્રિય રસ લઈ ખૂબ સફળતા મેળવી. સાધારણ કુટુંબમાં જન્મ લઈ સંઘર્ષ કરી વકીલાતનો અભ્યાસ કર્યો અને આપબળે શૂન્યમાંથી સર્જન કર્યું. એમની માન્યતા છે કે માનવી પુરુષાર્થથી જીવનમાં સફળ થાય છે. જોકે પ્રારબ્ધ હોવું પણ જરૂરી છે, પરંતુ પ્રારબ્ધ માનવીના હાથમાં નથી અને પ્રારબ્ધ માટે ઈશ્વરમાં શ્રદ્ધા તથા પ્રાર્થના સિવાય કોઈ વિકલ્પ પણ નથી. નિષ્ઠાપૂર્વક કરેલાં પ્રયત્નો, ઉઠાવેલો પરિશ્રમ અને ખંતપૂર્વકની સારી સમજણથી વ્યક્તિત્વનો વિકાસ શક્ય છે. વ્યક્તિ સમય અને સંજોગો પ્રમાણે શાણપણથી વિચારે, યોગ્ય આયોજન (પ્લાનિંગ) કરે તો સફળતા સહજ છે. નૈતિક મૂલ્યોનો આધાર અને કેળવણી જીવનમાં સમૃદ્ધિ લાવે, રિદ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિને સુ-સ્વાસ્થ્ય પણ આપે છે. 'પહેલું સુખ તે જાતે નર્યા'નો અમલ કરવા માટે સપ્રમાણ જીવન જીવવું જરૂરી છે. અંતિમ માર્ગી બનવા કરતાં મધ્યમ માર્ગી બનવામાં વિશેષ ડહાપણ છે. આર્થિક સ્વાવલંબન જીવનમાં જરૂરી છે.

ધનનો સદુપયોગ થવો જરૂરી છે, પરંતુ માત્ર ધન જ બધું સુખ આપી શકતું નથી. વિવેકદષ્ટિ, પ્રમાણભાન, કોઠાસૂઝ અને સમયસરનો યોગ્ય નિર્માણ વગેરે સફળતામાં સહાય કરે છે. વ્યવહારુ અભિગમ કોઈ કોલેજ કે યુનિવર્સિટીમાં શીખવામાં આવતા નથી. તેના માટ યોગ્ય વાંચન અને સંત-સમાગમ જરૂરી છે. શિસ્ત અને નિયમિતતાના તેઓ આગ્રહી છે.

તેઓશ્રી ઘણી સંસ્થાઓમાં સભ્ય છે. કંપનીઓમાં ડાયરેક્ટરનાં હોદ્દા સંભાળે છે. રોટરી જેવી આતંરરાષ્ટ્રીય સંસ્થાના પણ તેઓશ્રી પ્રમુખ રહી ચૂક્યા છે.

સમાજોત્કર્ષના અભિગમમાં શ્રીકાંતભાઈ ઉત્તરોત્તર પ્રગતિ સાધતા રહે તથા ઈશ્વર તેમને દીર્ઘાયુષભર જીવન બક્ષે એવી સદ્ભાવના.

# શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ

**શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય,**
૪, દેવકરણ મેન્શન, બિલ્ડિંગ નં.૭, બીજે માળે,
૨૪, વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨.
ફોન : ૦૨૨ - ૨૨૦૬૯૧૭૨
સમય : બપોરે ૧ થી સાંજે ૬ (1.00 pm to 6.00 pm)

Email : svjainsamajmumbai2@gmail.com
data@svjainsamaj.com www.svjainsamaj.com

**તંત્રી : શ્રી રાજેન્દ્ર ઓત્તમચંદ પુનાતર - મો.: ૭૦૨૧૨૦૧૨૮૦**


## સમાજની કારોબારી સમિતિ


શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા ........ પ્રમુખ
શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયા ........ ત.ભૂ. પ્રમુખ
શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા ........ ઉપપ્રમુખ
શ્રી આશિષભાઈ વિનોદરાય મહેતા ........ માનદ્‌મંત્રી
શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી ........ માનદ્‌મંત્રી
શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા ........ ખજાનચી
શ્રી રાજેન્દ્રભાઈ ઓત્તમચંદ પુનાતર ........ મુખપત્ર તંત્રી
શ્રી મહેશભાઈ કાંતિલાલ વોરા ........ સભ્ય
શ્રી કિશોરભાઈ લાલચંદ રામાણી ........ સભ્ય
શ્રી જયંતભાઈ ચુનીલાલ દોશી ........ સભ્ય
શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા ........ સભ્ય
શ્રી કીર્તિભાઈ રસિકલાલ વસા ........ સભ્ય
શ્રી કમલભાઈ કાંતિલાલ દોશી ........ સભ્ય
શ્રી અતુલભાઈ ધનજીભાઈ વસા ........ સભ્ય
શ્રી જયેશભાઈ શરદચંદ્ર વસા ........ સભ્ય
શ્રી શૈલેષભાઈ વ્રજલાલ વોરા ........ સભ્ય
શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા ........ કો-ઓપ્ટ
શ્રી પ્રવિણચંદ્ર ચીમનલાલ વોરા ........ કો-ઓપ્ટ



BANK DETAILS :
**Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**
**BANKER :** Bank of Baroda, M. J. Market, Mumbai - 3
S.B. A/c No. 03870100000044
**IFSC :** BARB0BULLIO MICR : 40012047


**Name : SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST**
**BANKER :** Union Bank of India
Princess Street, Mumbai - 400002.
S.B. A/c. No. 319102010054364
**IFSC :** UBIN0531910

કાનૂની કાર્યક્ષેત્ર મુંબઈનું રહેશે
Auditor : Viren Vasa & Associates
Chartered Accountants, Mumbai

લવાજમ દરો ભારતમા આજીવન : રૂા.૨૭૦૦/-
પરદેશમાં (ફક્ત વાર્ષિક) : USD 20 Yearly

મુદ્રણ અને પોસ્ટિંગ : લક્કી પ્રિંટિંગ પ્રેસ,
૪૦, મહેતા ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, લિબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં.૩,
માલાડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૪.


## તંત્રી સ્થાનેથી....



જિંદગીમાં ખરેખર સુખી થવાની ગુરૂ ચાવી એટલે સમજી વિચારીને કરેલું સમાધાન (*Adjustment*). જીવનમાં સમજીને દરેક પ્રસંગે આપણે જાતે જ સામી વ્યક્તિ સાથે સમાધાન કરીએ તો ભવિષ્યમાં થનારી મોટી અથડામણથી બચી શકાય છે. મને-કમને સમાધાન કરવા કરતાં સામે ચાલીને એડજસ્ટ થઈએ તો જીવનમાં સુખશાંતિ પામી શકીએ. કહેવાય છે કે *Life is nothing but adjustment.* જન્મ્યા ત્યારથી મરતા સુધી ડગલેને પગલે એડજસ્ટમેન્ટ કરવા પડે છે. પછી તે રડીને કરીએ કે હસીને કરીએ. નાનપણમાં ભણવાનું ન ગમતું હોય તોય અભ્યાસ કરવો પડે છે. લગ્ન કરતી વખતે ખુશ થઈને લગ્ન તો કરીએ છીએ પણ પછી પતિ-પત્નીએ એકબીજાના ગુણો અને નબળાઈઓ સ્વીકારવી પડે છે. બંને ભિન્ન ભિન્ન વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિઓએ આખી જિંદગી સાથે રહેવાનું હોય ત્યારે એકબીજાના ગમા અણગમાને સ્વીકારી ડગલેને પગલે એડજસ્ટ કરવું પડતું હોય છે. અને જ્યાં એકબીજાને સમજી નથી શકતા અથવા તો સમય અનુસાર જિંદગીમાં ફેરબદલ નથી કરી શકતા ત્યાં જીવનમાં મોટી ઉથલપાથલ થઈને જિંદગીને નર્ક બનાવી દે છે.

મા બાપે સંતાનો મોટા થાય ત્યારે તેમની ઈચ્છા અનુસાર તેમના વિચારો પ્રમાણે પોતાની લાઈફ સ્ટાઈલમાં ફેરફાર કરવા પડતા હોય છે. સંતાનોની ઈચ્છાને સર્વોપરી માની તેમના સંતોષ માટે ઘણીવાર પોતાની ઈચ્છાઓનો કે આકાંક્ષાઓનો ભોગ આપવો પડતો હોય છે. એ જ રીતે સંતાનોએ પણ ક્યારેક પોતાના પરિવાર માટે સમાધાનો કરવા પડતા હોય છે અને આ સમાધાનને લીધે જ કુટુંબ વ્યવસ્થા ટકી રહે છે. કુટુંબમાં સંપ અને શાંતિ કાયમ રહે છે. *Adjustment* ફક્ત કુટુંબ પરિવાર પૂરતું મર્યાદિત નથી. જીવનના દરેક તબક્કે દરેક જગ્યાએ તે જરૂરી બની જાય છે. નોકરી ધંધામાં, ફ્રેન્ડ સર્કલમાં, વ્યવહારમાં કે પછી અંગત જીવનમાં દરેક જગ્યાએ યોગ્ય સમયે કરેલ સમાધાન સુખમય નિવડે છે. પૂજ્ય દાદા ભગવાનનું એક સૂત્ર *'Adjust Everywhere'* જીવનમાં એડજસ્ટ કરી દઈએ તો સંસાર સુખમય થઈ જાય.

પરંતુ દરેક જગ્યાએ સમાધાનની વાત માનીએ તેટલી સહેલી પણ નથી આપણે સામી વ્યક્તિ પાસેથી પણ ઘણીવાર તે અપેક્ષા રાખતા હોઈએ છીએ. પરંતુ તેના કરતાં આપણે જો પહેલ કરીએ તો ઘણા કામો સરળ થઈ જાય છે. જિંદગીમાં બીજું કશું ના આવડે તો કંઈ વાંધો નહીં પણ એડજસ્ટ કરતાં આવડવું જોઈએ. શરૂઆતમાં ઘણી અડચણો પણ આવી શકે. મન સમાધાન કરવા તૈયાર પણ ન થાય. આપણો પોતાનો અહંકાર પણ આપણને આ માટે રોકી શકે. આ દરેક તબક્કાને સમતાપૂર્વક પાર પાડી દઈએ તો જિંદગીનો રાહ સરળ બની જાય.

પરિવર્તન એ સંસારનો નિયમ છે. સમય પ્રમાણે આપણી જાતને એડજસ્ટ કરવી પડે, સમયની રફ્તાર પ્રમાણે ચાલવું પડે. સમય ઝડપથી બદલાઈ રહ્યો છે. એ જ પ્રમાણે ખાનપાન - રહેણી કરણી અને વિચારસરણી સુધા બદલાઈ રહી છે. નીતિ નિયમોની વ્યાખ્યા પણ બદલાઈ રહી છે. આ બધા વચ્ચે બીજા શું કરે છે તે વિચારવાને બદલે હું શું કરી શકું અથવા તો મારે શું કરવું જોઈએ તે વિચારવું જોઈએ.

આપણો જૈન ધર્મ કહે છે કે અગવડતામાં, સગવડતા જોવી. જે હોય તેનાથી ચલાવી લેવું. જરરિયાતો અને અપેક્ષાઓ ખૂબજ ઓછી રાખવી. સામી વ્યક્તિને આપણાથી કોઈ તકલીફ ન પડે તેની તકેદારી રાખવી અને આપણાથી કોઈના દિલને દુઃખ ન પહોંચે તેનું ધ્યાન રાખવું. આમ આપણાં જૈન ધર્મના પાયાનો સિદ્ધાંત જ એડજસ્ટમેન્ટ પર રચાયેલો છે. અને એટલે જૈન ધર્મની ફિલોસોફી પ્રમાણે આપણી જિંદગીની કેડી કંડારીએ તો દુઃખ આપણાથી જોજનો દૂર રહે. આપણા જૈન ધર્મને જગતનો શ્રેષ્ઠ ધર્મ એટલા માટે જ કહેવામાં આવે છે કેમકે તેના પાયાના સિદ્ધાંતમાં જ 'અપરિગ્રહ' રહેલ છે એટલે કે કોઈપણ વ્યક્તિ કે વસ્તુની આશક્તિ ન હોવી જોઈએ અને તેજ સિધ્ધાંત પ્રમાણે ચાલીએ તો જિંદગીની મોટાભાગની સમસ્યાઓનો અંત આવી જાય અને જિંદગી સરળ બની રહે. 'જૈનમ જયતિ શાસનમ્'

**- રાજેન્દ્ર ઓત્તમચંદ પુનાતર**

# ORACLE INTERNATIONAL

**(An ISO9001:2015 TUV CERTIFIED Company)**

**Manufacturer & Exporter of Brass Components**

**Contact Person :**
**Mr. Jay Shah (Director)**
**Mobile : +91 9624640055**



**Contact Person :**
**Mr. Dhaval Shah (Director)**
**Mobile : +91 99042 24204**

## Factory & Head Office :

Plot No.-10, Hari Om Industrial Estate
Behind Essar Petrol Pump, Near Kansumra Jamnagar - 361005,
Gujarat (India)Tel. No. (0288) 2568527 / 2568528.

**Email :** info@oracleint.com / sales@oracleint.com
**Website :** www.oracleint.com

Sister Concern :

## M/s. Everest Brass Industries

**Factory & Head Office :**

Works - Plot No.10,
Hari Om Industrial Estate
Behind Essar Petrol Pump,
Near Kansumra, Jamnagar - 361005, Gujarat
India M. : +91 9428860154 / 9328218008
**Email :** everestbrass@gmail.com

**Mumbai Office :**

Mr. Jayesh Vasa,
C-4, 1st Floor, Shreyas Apt.,
Ashok Road, Near Damodarwadi,
Kandivali (E), Mumbai - 400101.
Mobile : +91 9322266714
Email : jvasa05gmail.com

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઈ

**સમાજને ભેટ**

૫૦૦/- શ્રી ગીરીશભાઈ કાંતિલાલ દોશી પરિવાર તરફથી ચિ.મોહકના લગ્નપ્રસંગે

૫૦૦/- શ્રી નવીનચંદ્ર બાબુલાલ કોરડિયા પરિવાર તરફથી સુપુત્રી પ્રિયંકાના લગ્નપ્રસંગે

૧૧૦૦/- શ્રી દિલીપભાઈ નવલચંદ પારેખ પરિવાર તરફથી પરમપુજ્ય સાધ્વીજી મહારાજ સાહેબ યશ સ્વિતા શ્રીજી મહારાજ સાહેબ તા.૯-૧૨-૨૨ દીક્ષા દિવસ પ્રસંગે

૨૦૦૦/- શ્રી મનસુખલાલ હેમચંદ ભીમાણી પરિવાર તરફથી શ્રી મનસુખલાલ હેમચંદ ભીમાણીના આત્મશ્રેયાર્થે

**મુખપત્રને ભેટ**

૧૧૦૦/- શ્રી દિલીપભાઈ નવલચંદ પારેખ પરિવાર તરફથી પરમપુજ્ય સાધ્વીજી મહારાજ સાહેબ યશ સ્વિતા શ્રીજીમહારાજ સાહેબ તા.૯-૧૨-૨૨ દીક્ષા દિવસ પ્રસંગે

૨૦૦૦/- શ્રી મનસુખલાલ હેમચંદ ભીમાણી પરિવાર તરફથી શ્રી મનસુખલાલ હેમચંદ ભીમાણીના આત્મશ્રેયાર્થે

**શૈક્ષણિક**

૧૧૦૦/- શ્રી દિલીપભાઈ નવલચંદ પારેખ પરિવાર તરફથી પરમપુજ્ય સાધ્વીજી મહારાજ સાહેબ યશ સ્વિતા શ્રીજી મહારાજ સાહેબ તા.૯-૧૨-૨૨ દીક્ષા દિવસ પસંગે

**ડૉક્ટર શાંતિલાલ રતિલાલ કોરડીયા મેડિકલ સહાય યોજના**

૧૧૦૦/- શ્રી દિલીપભાઈ નવલચંદ પારેખ પરિવાર તરફથી પરમપુજ્ય સાધ્વીજી મહારાજ સાહેબ યશ સ્વિતા શ્રીજી મહારાજ સાહેબ તા.૯-૧૨-૨૨ દીક્ષા દિવસ પ્રસંગે

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્રમંડળ - મુંબઈ

**અનાજ વિતરણ ખાતે**

૨૫૦૦/- શ્રી દિલીપભાઈ નવલચંદ પારેખ પરિવાર તરફથી પરમપુજ્ય સાધ્વીજી મહારાજ સાહેબ યશ સ્વિતા શ્રીજી મહારાજ સાહેબ તા.૯-૧૨-૨૨ દીક્ષા દિવસ પ્રસંગે

૧૧૦૦૦/- શ્રીમતી ભારતીબેન રાજેન્દ્રભાઈ શાહ પરિવાર તરફથી સ્વ.ભારતીબેનના આત્મશ્રેયાર્થે

૨૦૦૦/- શ્રી મનસુખલાલ હેમચંદ ભીમાણી પરિવાર તરફથી સ્વ.મનસુખલાલ હેમચંદ ભીમાણીના આત્મશ્રેયાર્થે

૪૨૦૦/- શ્રીમતી બિનીતાબેન તુષારભાઈ શાહ તરફથી ભેટ

૧૨૦૦૦/- શ્રીમતી બિનીતાબેન તુષારભાઈ શાહ તરફથી ભેટ

**શ્રી તારાચંદભાઈ ધનજીભાઈ મહેતા તબીબી રાહત ખાતે**

૧૫૦૦/- શ્રી દિલીપભાઈ નવલચંદ પારેખ પરિવાર તરફથી પરમપુજ્ય સાધ્વીજી મહારાજ સાહેબ યશ સ્વિતા શ્રીજી મહારાજ સાહેબ તા.૯-૧૨-૨૨ દીક્ષા દિવસ પ્રસંગે

૨૦૦૦/- શ્રી મનસુખલાલ હેમચંદ ભીમાણી પરિવાર તરફથી સ્વ.મનસુખલાલ હેમચંદ ભીમાણીના આત્મશ્રેયાર્થે

**શ્રી આર્થિક સહાય ખાતે**

૨૫૦/- શ્રી પિયુષભાઈ મહેતા તરફથી ચિ.નિધિના લગ્ન પ્રસંગે ભેટ

૫૦૦/- શ્રી પિયુષભાઈ મહેતા તરફથી ચિ.રીતુના લગ્ન પ્રસંગે ભેટ

૨૫૦/- શ્રી મહેન્દ્રભાઈ પરષોત્તમ મહેતા પરિવાર તરફથી મહેન્દ્રભાઈના આત્મશ્રેયાર્થે

૫૦૦/- શ્રી ગીરીશભાઈ કાંતિલાલ દોશી પરિવાર તરફથી ચિ.મોહકના લગ્ન પ્રસંગે

૫૦૦/- શ્રી નવિનચંદ્ર બાબુલાલ કોરડીયા પરિવાર તરફથી ચિ.પ્રિયંકાના લગ્ન પ્રસંગે

૨૫૦૦/- શ્રી દિલીપભાઈ નવલચંદ પારેખ પરિવાર તરફથી પરમપુજ્ય સાધ્વીજી મહારાજ સાહેબ યશ સ્વિતા શ્રીજી મહારાજ સાહેબ તા.૯-૧૨-૨૨ દીક્ષા દિવસ પ્રસંગે

૫૦૦૦૦/- મેસર્સ એસ.વી.એન્ટરપ્રાઈસ તરફથી શ્રીમતી નિર્મળાબેન વૃજલાલ દેવચંદ મહેતાના આત્મશ્રેયાર્થે

૨૫૦૦/- શ્રીમતી સોનલબેન પ્રફુલચંદ્ર શાહ તરફથી સ્વ.પ્રફુલચંદ્ર ભોગીલાલ શાહના આત્મશ્રેયાર્થે

૮૪૦૦/- શ્રીમતી બિનીતાબેન તુષારભાઈ શાહ તરફથી ભેટ

### ઈશ્વરની જગતને અનેરી ભેટ - સ્ત્રી અને પુરૂષ

**: પુરૂષ :**

પુરૂષનું પણ કેવું એકદમ દરિયા જેવું તોફાની થવું. શમવું અને (નદીને સમાવે તેમ) સમાવી લેવું. ગુસ્સો કરવો, ડર બતાવવો પણ પોતાનાઓ માટે સહી લેવું. ન આરામ, ન વિશ્રામ, બસ કામ, કામ અને કામ જેથી પરિવાર કરે આરામ. જે પરિવારના પ્રેમ માટે વિહ્વળ છે.... આ છે પુરૂષ.....

**: સ્ત્રી :**

સ્ત્રીનું બિલકુલ વાદળ જેવું બંધાવું, વરસવું અને વિખરાઈ જવું. ઝીલવાની પાત્રતા હોય કે ના હોય પણ આપી દીધાનો સંતોષ જરૂર હોય. અદ્‌ભુત હોય છે સ્ત્રીઓ, ન આશ ન પ્યાસ. થોડો આપો વિશ્વાસ અને ખાસ અહેસાસ, આ છે સ્ત્રી જેને સમજવાનો કરશો પ્રયાસ તો પુસ્તકો લખાશે. પણ પ્રેમથી નિભાવશો તો જીવનમાં ખુશીના સુવર્ણ પાનાઓ લખાશે.

**- દર્શના પરિમલ ભીમાણી**

## શ્રદ્ધાંજલિ



જન્મ :
તા.૨૫-૧૨-૧૯૨૫

અરિહંતશરણ :
તા.૦૬-૦૪-૧૯૯૧

# શ્રી દેવચંદ કરમચંદ વસા

**મૂળવતન : પાટણવાવ**

ચાર ચોપડી ભણીને પારિવારિક જવાબદારી નિભાવવા ૧૪ વર્ષની ઉંમરે ઈ.સ.૧૯૩૯માં પાટણવાવ ગામ છોડીને કુટુંબ પ્રત્યેની જવાબદારી સાથે મુંબઈ આવીને વસ્યા. S.Mansukhlal & Co. માં નોકરીની શરૂઆત કરી.

કાલબાદેવીમાં શેઠની ઓફિસની સિંગલ રૂમમાં રાત્રે રહેવાનું. શ્રી દેવચંદભાઈએ પોતાની કાબેલિયત ને આધારે નોકરી દરમ્યાન વિદેશની બે ટ્રીપ સમુદ્ર માર્ગે કરી. આજથી લગભગ ૬૦ વર્ષ પહેલા વિદેશ પ્રવાસ અને તેમાં પણ નોકરીમાં વિદેશ જવાની તક મળવી તે બહુજ મોટી અસામાન્ય સિદ્ધિ કહેવાય કેમકે તે જમાનામાં બહુજ જૂજ વિશ્વાસુ અને કર્તવ્યનિષ્ઠ વ્યક્તિને જ આવી તક મળતી હતી.

પોતાની આગવી સૂઝબૂઝથી કોઈપણ પરિસ્થિતિને પ્રસન્નતા પૂર્વક ઉકેલી લેવાની ક્ષમતા તેમનામાં હતી.

૧૯૭૨માં નોકરી છોડી પોતાનો એક્સપોર્ટ વ્યવસાય સ્થાપ્યો. બેન લાભુબેનની સંપૂર્ણ જાવાબદારી પોતાના ઉપર રાખીને ખુબજ પ્રસન્નતા સાથે નિભાવી. સંઘર્ષમય જીવન ગુજારતા ગુજારતા પોતાના પાંચ સંતાનો અને બન્ને ભાણીયા (સાતે જણ)ને ભણાવી ગણાવીને ઉચ્ચતમ સંસ્કારનું સિંચન કરી અને દરેકના લગ્ન કરવા સુધીની તમામ જવાબદારી પરિવાર પ્રત્યેની ફરજ સમજીને હસતા મુખે નિભાવી.

તેઓ સ્વાભિમાની જીવન જીવી પોતાની કુટુંબ પ્રત્યેની ભાવનાની મહેક પરિવારમાં પ્રસરાવતા ગયા. ઈ.સ.૧૯૮૦ દરમ્યાન શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મિત્ર મંડળ ઘાટકોપરમાં સામાજિક સ્તરે સમાજ માટે કાંઈક સારૂં કાર્ય કરવાના ઉચ્ચ ભાવ સાથે ઘાટકોપર મંડળમાં જોડાયા.

અમારા પરિવારના મોભી એવા પુણ્યશાળી વડીલ પૂજ્ય પિતાશ્રીને શત શત નમન હોજો. પિતાશ્રી આપના અંતરના આશિષ સમગ્ર પરિવાર ઉપર સદાય વરસાવતા રહેશો અને આપે બતાવેલ માર્ગમાં અમે ક્યાંય પાછા ન પડીએ તેવી આશા સાથે આપનો પરિવાર

**પુત્ર-પુત્રવધુ :** ધીરેન-બીના ● દિવ્યેશ-સોનલ ● મયંક-ભાવીકા

**ભાણેજ તથા ભાણેજ વહુ :** દિપક-સંગીતા

**દીકરી-જમાઈ :** પ્રજ્ઞાબેન પ્રવીણભાઈ શાહ ● રૂપલબેન રાજેશભાઈ મહેતા

**પૌત્ર તથા પૌત્રવધુ :** ચિંતન-ખુશ્બુ

**પૌત્ર-પૌત્રી :** જીત-રિયા-પ્રિયાંશ ● મેઘ-મૈત્રી-જયેશ-નિહિતા, વૈભવી આનંદ દેવાની

# આજની એક સારી વાત

**- અજ્ઞાત**

થોડા સમય પહેલા મોલની મુલાકાત દરમિયાન મારા કાર્યકાળ દરમિયાનની એક મિત્ર મળી ગયો. ખાસ્સા સમય બાદ મળ્યા હોવાથી ખબર-અંતર, કુટુંબ, સંતાનો, ફોન નંબર વિગેરેની ફાસ્ટ્રેક આપ લે થઈ એના ચહેરા પર એક સુંદર, શાંત સ્મિત હતું જે પહેલાં અમારા પાંચ વર્ષના સહવાસમાં કદી જોયું નહોતું. મેં અનાયાસે પૂછ્યું, ''મેડિટેશન કે યોગા કરે છે કે ? તારી તંદુરસ્તીનો રાઝ તો જણાવ.'' એ ખડખડાટ હસી પડ્યો અને બોલ્યો, 'ના રે એવું કશું જ કરતો નથી. ગૃહસ્થ તરીકેની અનન્ય ફરજ બજાવું છું પ્રેમથી બસ!' વાતવાતમાં જાણવા મળ્યું કે મારા ઘરની નજીક આવેલા બગીચામાં એ રોજ સાંજે આવે છે. ''પાછા જરૂર મળીએ''નો વાયદો કરી છુટા પડ્યા.

જીવનની ઘટમાળ, રોજની વ્યસ્તતા અને કંઈક આપણાં મનની નિષ્ક્રિયતામાં બગીચામાં જવાનું રહી ગયું. એવામાં એક દિવસ એનો ફોન આવ્યો અને મળવાનું નક્કી કર્યું. હસી-ખુશીમાં પાંચેક મિનિટ ગઈ અને પછી એ જ જીવન જંજાળ. ઘરની વાત, છોકરાંઓની ચિંતા, સગાંઓનું વર્તન વિગેરે. મેં પૂછ્યું..., ''તારે કંઈ બળાપો નથી કાઢવો ?'' સુંદર સ્મિત આપી મારી સામે જોઈ જ રહ્યો. એ બોલ્યો, ''જો હવે...આપણે અહી નિયમિત મળવાનું ન બને તો ફોન પર પણ વાત કરવાની પાંચ મિનિટ, કબૂલ છે ? પણ વાત કરતી વખતે રોજની એક સારી વાત જરૂર કરવાની. આખા દિવસ દરમિયાન તને જે કોઈ નાની-મોટી વાત સારી લાગી હોય એ મને જરૂર કહેવાની જ. પ્રોમિસ આપ, કોશિશ કરીશ ને ?''

મારો હાથ પ્રોમિસ આપવા લંબાયો પણ ઢીલો-ઢીલો. એણે મારી હાથ ખેંચી પોતાનાં બંને હાથ વચ્ચે કેદ કરી હૂંફનો સંદેશ આપ્યો. રોજ શું સારી વાત હોય આપણા જીવનમાં ? રિટાયર્ડ થઈ ગયા. એ જ રોજીંદુ જીવન, એમાં વાત શું કરીશું ? એ બોલ્યો, ટ્રાય તો કરજે, ચલ બે આંટા મારીને છૂટા પડીએ. કાલે મળીશને ? બીજે દિવસે એ હાજર, હું એ હાજર. પ્રશ્ન તેની આંખોમાં ડોકાઈ રહ્યો હતો.

અરે કંઈક તો સારૂ બન્યું જ હશે આખો દિવસમાં, યાદ કર. હું કહું ? આજે મારાં ગુલાબનાં છોડ પર મહિનાઓ બાદ કળીઓ દેખાઈ. આજે ગરમી ઓછી છે. શું તું પણ ? એ નિખાલસતાથી હસી પડ્યો અને બોલ્યો. યસ, યસ આવી જ નાની નાની બાબતો પર વિચાર કરી. આપણે બંન્ને એકબીજાને કહીશું અને હસીશું મારા માટે આજની સારી વાત એટલે તારી સાથે મુલાકાત. અને આમ અમારો આજની એક સારી વાત વાળો ક્રમ શરૂ થયો. પ્રત્યક્ષના મળીએ ત્યારે ફોન પર પણ. ત્યારથી મને પણ દિવસની નાનામાં નાની વાતને આજની એક સારી વાત તરીકે મૂલવવાની સારી ટેવ પડી ગઈ. એનું લિસ્ટ જુઓ તમે પણ આશ્ચર્ય પામશો.

આજે ખોવાયેલી પેન મળી ગઈ, બપોરે ન સૂતો તોય માથું ન દુખ્યુ, દીકરીએ આજે મારો સર્ટ બહુ વખાણ્યો, પડોશીના દીકરાને ૯૫ ટકા માર્ક્સ મળ્યા, મારી શાળા કાળ દરમિયાનની એક સખી મળી, પત્ની સાથે રસ્તા પરના ઠેલા પર પાણીપૂરી ખાધી, આજે દાળઢોકળી ફક્કડ બની હતી, મારા મોગરાનાં છોડ પર આજે પંદર ફૂલ આવ્યાં અને ઘણી બધી કળીઓ પણ દેખાઈ, રક્ષાબંધન માટે અમે હાથે રાખડી બનાવી, બહુ વર્ષે મારૂં પ્રિય ગીત અચાનક ટીવી પર જોવા મળ્યું. આ બધાની સામે નાના દુ:ખોની શું વિસાત ? હવે તો આજની એક સારી વાત ને બદલે એકથી વધુ સારી વાત મમળાવવાની ટેવ પડી ગઈ છે.

નાની નાની ખુશીઓ એવી સરસ જાજમ બિછાવી દે છે ને દિલમાં કે દિલને આળા થવાનો ચાન્સ જ નથી મળતો. આપણે આવી નાની ખુશીઓને નજરઅંદાજ કરીને મોટા સુખની વાટમાં મોઢું વકાસીને બેસી રહીએ છીએ. અને પળોને વ્યર્થ વેડફી દઈએ છીએ. ખુશ થવાની પણ આદત પાડવી જોઈએ એ આવી નાની પળોને માણવાથી પડે. પછી રસ્તા પર જતું સુંદર બાળક હોય કે વર્ષો બાદ હાથમાં આવેલું પ્રિય પુસ્તક મિત્ર એ માંડેલા આ સંવાદથી મારી તો આદત કેળવાઈ ગઈ છે.

''આજની સારી વાત'' વિશે વિચારીને રોજ રાત્રે સૂતાં પહેલાં જરા મલકાઈ લેવાની રસ્તે જતા મંદિર આવે ત્યારે જેમ અનાયાસે આપણે પગે લાગીએ છીએ. એવા અદમ્ય વિશ્વાસ સાથે કે અંદર ભગવાન છે જ મારા વંદન સ્વીકારશે. એવા જ વિશ્વાસે સાથે સૌને આજની એક સારી વાતનો પ્રયોગ કરવાનો અનુરોધ છે. ધીમે ધીમે તમારી પાસે પણ સારી વાતોનો ખજાનો થઈ જશે. જેમ આપણા જૂના ફોટાનું આલ્બમ જોઈએ ત્યારે છુપો આનંદ થાય તેવો જ અનુભવ તમને આ ખજાના વિશે વિચાર કરતાં થાય તેવી મારી અભિલાષા.

**મારા અનુભવમાંથી.....**

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ, મુંબઈ

# સાંસ્કૃતિક કાર્યક્રમ મેઘધનુષ

### સુવર્ણ જયંતિ વર્ષ ૩૦/૦૪/૨૦૨૩, રવિવાર

માનનીય સભ્યશ્રી,

''મેઘધનુષ'' કાર્યક્રમની જ્યારે કલ્પના કરવામાં આવી ત્યારે મનમાં સંદેહ હતો કે સભ્યોનો પ્રતિભાવ કેવો મળશે ? પણ આજે જણાવતા અત્યંત આનંદ થાય છે કે આ પ્રતિભાવ અકલ્પનીય છે. દરેક વિભાગ મળીને કુલ ૭૫ એન્ટ્રી મળી છે.

ફાઈનલ એન્ટ્રી સિલેક્શન બહારથી બોલાવેલા પ્રોફેશનલ નિર્ણાયકો નક્કી કરશે. આ એક એવો અવસર છે જે દ્વારા સમાજના સભ્યોમાં રહેલી પ્રતિભાને ઉજાગર કરશે અને સમાજમાં રહેલા હિરલાઓની ઓળખ થશે. અગાઉ જણાવ્યું તેમ આ કાર્યક્રમ રવિવાર તા.૩૦-૪-૨૦૨૩ના રોજ ઝવેરબેન પોપટલાલ સભાગ્રહ, ઉપાશ્રય લેન, સ્થાનકવાસી ઉપાશ્રયની બાજુમાં, ઘાટકોપર પૂર્વમાં સવારે ૯.૦૦ થી બપોરે ૧.૦૦ સુધી રહેશે. કાર્યક્રમ બાદ સ્વરૂચી ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ કાર્યક્રમના પાસ દરેક મંડળના સભ્યોએ તેમના મંડળના કોર કમિટીના સભ્યો મારફત રૂા.૧૦૦/- આપીને વહેલો તે પહેલોના ધોરણે લેવાના રહેશે. ઓડીટોરિયમની ક્ષમતાને લીધે દરેકનો સમાવેશ કરવો મુશ્કેલ છે તે બદલ દરગુજર કરશો.

આ કાર્યક્રમના અનુદાન આપનારા મહાનુભાવોને નીચે મુજબ V.I.P પાસ આપવામાં આવશે. રૂા.૯૦૦૦/- થી ૨૭૦૦૦/- આપનારને ૨ પાસ તથા રૂા.૫૪૦૦૦/- આપનારને ૪ પાસ. કાર્યક્રમમાં હાજર રહેનાર દરેકે પાસ સાથે લાવવો જરૂરી છે. આજ પાસ જમવાના પાસ ગણાશે માટે દરેકે દરેક પાસ સાચવી રાખવો જરૂરી છે. કાર્યક્રમ નિયત સમયે સવારે ૯ કલાકે શરૂ થશે તો આપ સહુને સાથ અને સહકાર આપવા આગ્રહભરી વિનંતી.

**ખાસ નોંધ :** ઓડીટોરિયમની પ્રથમ છ હરોળ આમંત્રિત મહેમાનો અને અનુદાન આપનારા મહાનુભાવોને માટે અનામત રહેશે.

## ડ્રેસ કોડ : રંગબેરંગી વસ્ત્રો.

સાંસ્કૃતિક કાર્યક્રમના ઉત્તરાર્ધ ભાગમાં (નવરાત્રી આસપાસ) દાંડિયારાસ તથા આનંદ મેળાનું પણ આયોજન કરવાનું છે તો દાતાઓને આ બંને કાર્યક્રમ માટે આર્થિક સહયોગ આપવા નમ્ર વિનંતી.

**સાંસ્કૃતિક કાર્યક્રમની કમિટી :**

શ્રી કિરીટભાઈ મહેતા - ૯૮૨૦૨૨૯૦૩૬,

શ્રી પરિમલભાઈ ભીમાણી (કન્વીનર) - ૯૮૯૨૫૯૭૯૯૬, શ્રી જયંતભાઈ દોશી - ૯૮૨૧૧૪૭૧૭૭,

શ્રી અતુલભાઈ વસા - ૯૮૧૯૮૫૬૪૩૧, શ્રી યોગેશભાઈ વોરા - ૭૯૭૭૭૭૯૭૧૩,

શ્રી કીર્તિભાઈ વસા - ૯૮૨૦૫૬૬૩૦૧.

**સમાજના મંડળોની કોર કમિટી :**

| | | | | |
|---|---|---|---|---|
| **નાલાસોપારા -** | હર્ષદભાઈ વોરા - | ૮૭૯૩૭૨૬૬૮૩, | કરિશ્મા પારેખ - | ૯૬૯૯૫૯૪૧૯૬, |
| **ભાયંદર -** | મનીષભાઈ મહેતા - | ૯૦૨૨૯૦૯૮૫૭, | ધવલ ભણશાળી - | ૯૮૨૦૫૮૫૧૪૮, |
| **બોરીવલી -** | નિકુંજભાઈ શેઠ - | ૯૫૯૪૨૨૦૨૨૫, | જાનવી મહેતા - | ૮૦૮૨૦૧૧૮૫૦૯, |
| **કાંદીવલી -** | જીનાલી શાહ - | ૯૮૭૦૬૪૮૬૫૬, | | |
| **મલાડ -** | હિમાંશુ વસા - | ૯૮૨૦૧૪૬૪૦૩, | હિમાંશુ સંઘવી - | ૯૮૨૦૦૫૫૯૦૬, |
| **ગોરેગાંવ -** | અરૂણભાઈ વોરા - | ૯૮૩૩૧૫૪૦૪૨, | હંસિકા વોરા - | ૯૯૩૦૮૯૯૬૦૬, |
| **બાંદ્રા-અંધેરી -** | પંકજભાઈ વોરા - | ૯૮૨૦૧૨૬૭૨૧, | રૂપલ મહેતા - | ૯૯૬૯૯૭૭૯૨૮, |
| **ઘાટકોપર -** | ભૌતિક ભણશાલી - | ૯૩૨૪૭૧૮૭૧૪, | દર્શના ભીમાણી - | ૯૮૬૭૪૫૬૮૬૫, |
| **મુલુન્ડ -** | ભાવેશ ભીમાણી - | ૯૦૦૪૬૭૯૯૭૭, | નિલેશ વોરા - | ૯૩૨૩૯૫૩૬૫૨. |

જૈનમ્ જયતી શાસનમ્

## શાસનપતિ શ્રી મહાવીર સ્વામી ભગવાનનો જય જયકાર અણમોલ તપસ્વી રત્નોનું બહુમાન

જૈન શાસનમાં તપનું મહત્વ ઘણુંજ હોય તેમજ તપ કરતાં તપસ્વીઓને વધુને વધુ ઉગ્ર તપ કરવાનું પ્રોત્સાહન આપવાના હેતુથી ઉગ્ર તપ કરતાં તપસ્વીઓનું બહુમાન કરવા માટે શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ મુંબઈ દ્વારા આયોજિત અને કાયમી **લાભાર્થી પરિવાર પુણ્યશાળી પિતાશ્રી ગોકળદાસ મૂળજી સંઘવી તથા માતુશ્રી સૂરજબા ગોકળદાસ મૂળજી સંઘવી પરિવાર** દ્વારા પ્રેરિત મુંબઈમાં વસતા સમાજના તમામ ઉગ્ર તપસ્વીઓનું બહુમાન **શનિવાર તા.૧૮-૦૨-૨૩ના રોજ બપોરે ૩.૦૦ કલાકે અંધેરી** ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

જ્યારથી બહુમાન સમારંભની તારીખ નક્કી થઈ તે પછી કમિટી મેમ્બર **શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા**ને તપસ્વીની નામાવલી તથા વિગત ભેગી કરવા માટેની જવાબદારી સોંપવામાં આવી હતી અને તેઓએ વોટસએપના માધ્યમથી દરેક મંડળમાં મેસેજ મોકલાવ્યા તેમજ બહુમાન સમારંભ માટેની પહેલેથી છેલ્લી સુધી તમામ જવાબદારી સફળતા પૂર્વક નિભાવી.

કાર્યક્રમની શરૂઆતમાં સહુને ચા/કોફી અને બિસ્કિટ આપવામાં આવ્યા હતા. સાંજે ૪.૦૦ કલાકે કાર્યક્રમની શરૂઆત કરતા સમાજના મંત્રી **શ્રી પરિમલભાઈ ભીમાણી**એ સહુને આવકાર આપ્યો હતો. પ્રમુખ **શ્રી કિરીટભાઈ મહેતા**એ આ યોજના વિશે માહતી આપી હતી તથા દાતાશ્રી પરિવારનો પરિચય કરાવ્યો હતો. તપસ્વીઓની સંખ્યાને ધ્યાનમાં રાખીને આ વખતે મોટી જગ્યામાં બહુમાન આયોજન કરવાનું સમાજની કમિટીએ નક્કી કર્યું હતું.

બહુમાનની શરૂઆત **શ્રી જયંતભાઈ દોશી**ના સુમધુર સ્વરમાં નવકાર મંત્રથી કરવામાં આવી હતી. કારોબારી સભ્ય **શ્રી કિર્તીભાઈ વસા**એ તપસ્વીઓની અનુમોદના કરતા સુંદર શબ્દોમાં અભિવ્યક્તિ કરી હતી.

ઉગ્ર તપશ્ચર્યામાં બે જણને ૪૫ ઉપવાસ, એક જણને ૩૧ ઉપવાસ, એકવીસ જણને ૩૦ ઉપવાસ તેમજ પાંચ જણને સિદ્ધિતપની ઉગ્ર તપશ્ચર્યા હતી. એકંદરે ૨૯ ઉગ્ર તપસ્વી રત્નોના નામો આવ્યા હતા અને બે કે ત્રણ છોડીને લગભગ બધા હાજર રહ્યા હતા. દરેકને તપસ્વીઓને બહુમાન સ્વરૂપે મોતીની માળા, શાલ તથા ૫૦૦/- રોકડાનું કવર આપવામાં આવ્યું હતું. દાતા પરિવાર તરફથી **શ્રીમતી રંજનબેન જયંતીલાલ સંઘવી** તથા તેમના પુત્ર **શ્રી મલય જયંતીલાલ સંઘવી** હાજર રહ્યા હતા અને તેમના હસ્તે દરેક તપસ્વીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. સમાજ તરફથી **શ્રીમતી રીટાબેન કિરીટભાઈ મહેતા**ને બહુમાન કરવાના હેતુથી નિમંત્રણ આપવામાં આવેલું હતું.

બહુમાન બાદ તપસ્વીઓને પ્રતિસાદ આપવા જણાવવામાં આવ્યું હતું જેનો ખુબજ સુંદર, સાત્વિક, ધાર્મિક તથા પ્રેરણાદાયી પ્રતિસાદ મળ્યો હતો અને આખો માહોલ એકદમ ધર્મમય સભામાં પરિવર્તિત થતો લાગ્યો હતો. દાતા પરિવાર તરફથી શ્રી મલયભાઈ પણ ખુબજ પ્રભાવિત થયા હતા અને આવનારા દિવસોમાં તપ કરવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

તપસ્વીઓના પ્રતિસાદથી પ્રભાવિત થઈ કારોબારીના સભ્ય શ્રી પ્રવીણભાઈ વોરાએ પણ તેમનો પ્રતિસાદ આપતા જણાવ્યું હતું કે તપસ્વીઓએ તપની મહત્તા અને તપ કરતા કરતા પણ રોજીંદુ જીવન જીવી શકાય છે. તેમણે તપસ્વીઓનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો અને અનુમોદના કરી હતી.

સમાજના ઉપપ્રમુખ **શ્રી ધિરેનભાઈ વસા**એ પણ તપસ્વીઓની તપસ્યાને બિરદાવી હતી અને ખૂબ ખૂબ અનુમોદના કરી હતી.

સમાજના મુખપત્રના **તંત્રી શ્રી રાજેન્દ્રભાઈ પુનાતરે** તપસ્વીઓના પ્રતિસાદને બિરદાવ્યો હતો અને સહુને વિનંતી કરી હતી કે તપસ્યા અથવા બીજા કોઈ પણ વિષય પર પોતાના વિચારો મુખપત્ર દ્વારા સમાજની દરેક વ્યક્તિને પહોંચાડે.

**પ્રમુખશ્રી કિરીટભાઈ**એ દરેકને સમાજના સાંસ્કૃતિક કાર્યક્રમની યાદ અપાવી હતી અને સહુને આ કાર્યક્રમમાં ભાગ લેવાની અપીલ કરી હતી.

તપસ્વીઓના બહુમાન બાદ દરેક માટે ચોવિહારની વ્યવસ્થા રાખવામાં આવી હતી. ચોવિહાર પહેલા શ્રી જયંતભાઈ દોશીના સુમધુર કંઠે સરસ્વતી વંદનાનો આસ્વાદ માણ્યો હતો અને **શ્રી કિર્તીભાઈ વસા**એ દરેક તપસ્વી અને દાતા પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો.

તપશ્ચર્યા પૂર્ણ થયેલ તપસ્વી રત્નો માટે બે શબ્દ :

તપ વિના તાપ નહીં, તાપ વિના શુદ્ધિ નહીં, શુદ્ધિ વિના સિદ્ધિ નહીં, બહુજ મુશ્કેલ છે જીભના સ્વાદ છોડવાનું તપસ્વીઓની ખૂબ ખૂબ અનુમોદના. ગ્રંથકાર તપની સચોટ વ્યાખ્યા કરે છે કે જે કર્મોને તપાવે તેનું નામ તપ. ખાણમાં રહેલ માટી મિશ્રિત અતિમલીન સુવર્ણને જ્યારે અગ્નિનું યોગ થાય ત્યારે એ અગ્નિના તાપથી સુવર્ણમાંથી બધી રજમલિનતા નષ્ટ થઈ જાય અને શુદ્ધ સુવર્ણ ઝગારા મારી ઉઠે છે એજ રીતે કર્મોની માટીથી અતિમલિન આત્માને જ્યારે તપનું યોગ થાય ત્યારે એના તાપથી આત્માનું કર્મોમાલિન ખત્મ થાય અને આત્મા ક્રમશઃ શુદ્ધ અતિશુદ્ધ બન્ને માટે જણાવાયું કે જે કર્મોને તપાવે તે તપ.

**૪૫ ઉપવાસના ઉગ્ર તપસ્વી :**

શ્રીમતી હર્ષાબેન ગીરીશભાઈ મહેતા
શ્રીમતી લીનાબેન જયેશભાઈ વસા

**૩૧ ઉપવાસના ઉગ્ર તપસ્વી :**

શ્રીમતી જલ્પાબેન સચિનભાઈ શેઠ

**૩૦ ઉપવાસના ઉગ્ર તપસ્વી :**

શ્રીમતી નયનાબેન મહેશભાઈ ઠક્કર
ચી. જીગર જયકારભાઈ મહેતા
શ્રીમતી નેહાબેન મુકુલભાઈ મહેતા
ચી. મહેક વિજયભાઈ વોરા
શ્રીમતી કૃતિકાબેન જીગ્નેશભાઈ મહેતા
શ્રીમતી દીપ્તિબેન દીક્ષિતભાઈ માઝની
શ્રીમતી પાયલબેન નીખિલભાઈ શાહ
ચી.અશ્મિ નીખિલભાઈ શાહ
શ્રીમતી હર્ષાબેન અશોકભાઈ વસા
શ્રીમતી શીખાબેન ઋષભભાઈ વસા
શ્રીમતી ઈન્દુબેન મહેશભાઈ વસા
શ્રી ગીરીશભાઈ ભગવાનદાસ મહેતા
શ્રીમતી વિદ્યાબેન રવિભાઈ શાહ
શ્રીમતી છાયાબેન વિનોદભાઈ શેઠ
શ્રીમતી જાગૃતિબેન હરીશભાઈ મહેતા
શ્રીમતી ભાવનાબેન ભરતભાઈ કોરડીયા
શ્રીમતી ઉર્વીબેન તારિકભાઈ શેઠ
શ્રીમતી જીગ્નાબેન ભાવિનભાઈ શેઠ
શ્રીમતી ભાવિબેન જતીનભાઈ કોરડીયા
શ્રીમતી દીપ્તિબેન હિતેનભાઈ કોરડીયા
ચી. ધાર્મિક હિતેનભાઈ કોરડીયા.

**સિદ્ધિતપના ઉગ્ર તપસ્વી :**

શ્રીમતી જિન્નાબેન ઋષભભાઈ મહેતા
શ્રીમતી વૈશાલીબેન જીગ્નેશભાઈ મહેતા
ચી.પ્રાર્થના જીગ્નેશભાઈ મહેતા
શ્રી દીપકભાઈ ડી. મહેતા
શ્રીમતી હેતલબેન મહેતા.

શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ મુંબઈ કારોબારી સમિતિના સભ્યો

## અણમોલ તપસ્વી રત્નોના બહુમાન ની તસ્વીરો : તા.૧૮-૨-૨૦૨૩

















અણમોલ તપસ્વી
રત્નોના બહુમાન
ની તસ્વીરો













**અણમોલ તપસ્વી
રત્નોના બહુમાન
ની તસ્વીરો**





















**અણમોલ તપસ્વી રત્નોના બહુમાન ની તસ્વીરો**















## શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મિત્ર મંડળ ઘાટકોપર દ્વારા આયોજિત GSPL-4 Cricket Tournament 2023નો અહેવાલ

GSPL-3ની અભૂતપૂર્વ સફળતા પછી શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મિત્ર મંડળ ઘાટકોપરે **બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું** આયોજન **રવિવાર તા.૧૫-૧-૨૦૨૩** કર્યું હતું. ઘાટકોપર મંડળની કમિટીએ વિચાર્યું કે સમાજના દરેક મંડળના સભ્યો આ વખતે પણ આ ટુર્નામેન્ટમાં સાથે જોડાય તે આશયથી મુંબઈના શ્રી સોરઠ વિશા શ્રીમાળી સમાજના દરેક મંડળના સભ્યોને આમંત્રણ આપવામાં આવ્યું હતું જેનો ગત વર્ષની જેમ સર્વે મંડળોએ ઉત્સાહપૂર્વક સ્વીકાર કર્યો હતો. આ સપનાને સાકાર કરવા માટે GSPL-4ની કોર કમિટીના નીચે પ્રમાણેના સભ્યો હતા.

(૧) શ્રી મનીષ કિશોરચંદ્ર કપુરચંદ વોરા (૨) શ્રી શૈલેષ અનિલભાઈ નાથાલાલ મહેતા (૩) શ્રી મિતેષ અરવિંદભાઈ કપૂરચંદ ભીમાણી (૪) શ્રી ભૌતિક કિર્તીભાઈ છોટાલાલ ભણશાલી (૫) શ્રી અમિષ પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી.

કોર કમિટીના છેલ્લા ત્રણ મહિનાના અથાગ પ્રયત્ન દ્વારા GSPL-4 બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ તા.૧૫-૧-૨૦૨૩ના વસંતદાદા એજ્યુકેશન કોમ્પ્લેક્ષ ચુનાભટ્ટીમાં યોજવામાં આવી. બધી ટીમમાં દરેક ઉંમરના સભ્યોનો એવી રીતે સમાવેશ કર્યો કે કોઈ ટીમ એકદમ મજબૂત કે નબળી ના રહે.

સવારે ૯ કલાકથી ધીરે ધીરે બધા ખેલૈયા તથા GSPL-4ની કોર કમિટીના સભ્યોના આમંત્રણને માન આપીને શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ મુંબઈના પ્રમુખ હોદ્દેદારો અને કમીટી મેમ્બર્સ તથા સમાજના ભૂતપૂર્વ પ્રમુખો તથા દરેક મંડળના પ્રમુખ તથા હોદ્દેદારોની ઉપસ્થિતિએ પ્રસંગને ચાર ચાંદ લગાવ્યા હતા.

સવારે ૧૦ કલાકે GSPL-4ના ટાઈટલ સ્પોન્સરર મે.સમ્રાટ ફાર્માકેમ લિ.ના મેનેજીંગ ડિરેક્ટર શ્રી લલિતભાઈ દામોદર મહેતાના વરદ હસ્તે રીબીન કાપીને પ્રતિયોગિતાને લીલી ઝંડી આપી હતી.

સૌપ્રથમ ઘાટકોપર મંડળના માનદ મંત્રી શ્રી કિર્તીભાઈ વસાએ નમસ્કાર મહામંત્રની ધૂન બોલાવી. ત્યારબાદ દરેક ટીમને, કોર કમીટીના સભ્ય શ્રી મનીષભાઈ વોરા દ્વારા શપથ ગ્રહણ કરાવવામાં આવ્યા હતાં. ટુર્નામેન્ટ સવારે ૧૦.૧૫ કલાકે શરૂ કરવામાં આવી હતી તે રાતના ૧૦ વાગ્યા સુધી ચાલી હતી. કુલ ૨૮ ટીમો હતી જેમાં ૪ મહિલા ટીમ અને ૨૪ પુરૂષ ટીમ હતી (કુલ ૨૮૦ ખેલાડીઓ) સૌથી નાનામાં નાના સભ્યની વય ૧૨ વર્ષ અને મોટામાં મોટા સભ્યની વય ૬૫ વર્ષ હતી એટલે કે ટોટલ ૨૮૦ આબાલબૃદ્ધ ખેલૈયાઓએ ભાગ લીધો હતો. દરેક ખેલાડીને ટી શર્ટ આપવામાં આવ્યું હતું જેના ઉપર તેમનું નામ, ટીમનું નામ, ટીમના તથા ટી-શર્ટના સ્પોનસરરનું નામ અંકિત કરવામાં આવ્યું હતું. બપોરે ૧૨ કલાકે દરેક ખેલાડી તથા આવનાર મહેમાનોને સ્વાદિષ્ટ ભોજન કરાવવામાં આવ્યું હતું.

સાંજના હાઈ ટી (High Tea) તથા ચૌવિહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. દરેક મેચો પૂર્ણ થયા પછી દરેક મેચના શ્રેષ્ઠ ખેલાડીને મેન ઓફ ધી મેચનો એવોર્ડ સમાજના મહાનુભાવો દ્વારા એનાયત કરવામાં આવ્યો હતો.

રાતના ૧૦ કલાકે મેચ પૂરી થઈ ત્યારે ટાઈટલના સ્પોન્સરર મે.સમ્રાટ ફાર્માકેમના મેનેજીંગ ડિરેક્ટર શ્રી લલિતભાઈ દામોદર મહેતા તથા ટ્રોફીના સ્પોનસરર શ્રીમતી શોભનાબેન જયંતભાઈ મહેતા પરિવાર સાથે હાજર રહ્યા હતા.

રનર અપ ટીમ અને વિજેતા ટીમને તથા મેન ઓફ ધી સીરીઝને ટ્રોફી આપવામાં આવી હતી. મહિલા ટીમની વિજેતા હાર્મની હાઈ રાયઝર અને પુરૂષ ટીમની વિજેતા સુપરસ્ટ્રાઈકર બની હતી. પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ મહિલા ટીમ - આયુષી, બેસ્ટ બેટ્સમેન આયુષી હેમલ મેહતા, બેસ્ટ બોલર સેજલ મેહતા. પુરૂષ ટીમ - પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ અને બેસ્ટ બેટ્સમેન - દીપ જોષી, બેસ્ટ બોલર - મિતેષ અરવિંદભાઈ ભીમાણી.

સ્પોન્સરશીપ વગર આવી ટુર્નામેન્ટ યોજવી બહુ મુશ્કેલ હોય છે પણ આ માટે સમાજના સભ્યોએ તેમજ દરેક મંડળની ટીમના સ્પોન્સરરોએ સામેથી ખૂબ જ ઉત્સાહથી સાથ સહકાર આપ્યો જે સરાહનીય છે.

આપણા સમાજના હાજર રહેલ મહાનુભાવો, દરેક સ્પોન્સરરોનો, મુંબઈ સમાજના સર્વે સમિતિ સભ્યો તથા આમંત્રિત મહેમાનો અને ઘાટકોપર મંડળના સમિતિ સભ્યો GSPL-4 - 2023માં ઉપસ્થિત રહીને કાર્યક્રમની શોભામાં અભિવૃધ્ધિ કરી તે બદલ સર્વેનો અંતરથી ખૂબ ખૂબ આભાર.

છેલ્લે ફક્ત ઘાટકોપર મંડળ પૂરતું નહીં પણ સમસ્ત મુંબઈ સમાજમાં પણ આવા કાર્યક્રમનું આયોજન થયું અને સમાજ લેવલે સમગ્ર મુંબઈના તમામ ખેલૈયાને ભેગા કરવા બદલ કોર કમીટીનો જેટલો આભાર વ્યક્ત કરવામાં આવે તેટલો ઓછો પડશે. એક સુમધુર ગીતની જેમ તાલબદ્ધ અને લયબદ્ધ સુરોમાં દરેક પળોને મનભરીને સૌ કોઈએ માણી અને ભવિષ્યમાં પણ યુવાવર્ગ સમાજને ઉન્નતિના શિખરો પર લઈ જાય એવી પ્રવૃત્તિઓ કરે એવી શુભેચ્છા સાથે.

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મિત્ર મંડળ ઘાટકોપર

**કીર્તિ વસા (માનદમંત્રી) - મુકેશ ઠક્કર (Jt. માનદ મંત્રી)**






**GSPL-4 Cricket Tournament 2023 ની તસ્વીરો**
















## સોરઠ/ઝાલાવાડનું ગૌરવ




પાટણવાવ નિવાસી હાલ મુંબઈ સ્વ.માતુશ્રી ફુલકુંવરબેન જેચંદ વસા પરિવારના સ્વ.નવનિતભાઈ વસાના સુપુત્રી શ્રીમતી અનિષા અમિત ગાંધીને M.A. (ગુજરાતી)માં સર્વોચ્ચ ગુણાંક મેળવવા બદલ SNDT યુનિવર્સીટી તરફથી તા.૧૫-૦૨-૨૦૨૩ના રોજ યોજાયેલ પદવીદાન સમારંભમાં સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો.

શ્રીમતી અનિષાબેને શ્રી ઝાલાવાડ સમાજ તેમજ શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજનું નામ રોશન કરેલ છે.

અનિષાબેને મેળવેલી ઝળહળતી સફળતા બદલ સમગ્ર સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજવતી ખુબ ખુબ અભિનંદન.

તંત્રીશ્રી

સોરઠ વિશા શ્રીમાળી ફુલકુંવરબેન જેચંદ વસા પરિવારના મોભી નવનીતભાઈ અને પુષ્પાબેન એ મારાં માતા અને પિતા. હું અનીષા અમિત ગાંધી, ઝાલાવાડ સમાજના મૃદુલાબેન શશીકાંત ગાંધીના પુત્ર અમિત સાથે લગ્ન થયાં. પરણીને નામ બદલાય, પણ સંસ્કારોના બદલાય. વસા પરિવારના સંસ્કારો અને સદ્‌વિચારોને સદાય સાથે રાખ્યાં છે.

ચંપક, ચાંદામામા, ચિત્રલેખા, અખંડ આનંદ, અભિયાન, નવનીત સમર્પણ, જેવા સામાયિકો અને રોજના ગુજરાતી પેપરો, મુંબઈ સમાચાર, જન્મભૂમિ, રવિવારે સંદેશ... પપ્પાની વાંચવાની અને અમને વંચાવવાની આદત મને કદાચ આ ઉંમરે ફળી એમ કહી શકું. અમારાં ઘરમાં ત્રણે કાકાઓને પણ વાંચવાનો એટલો જ શોખ જે અમને વારસામાં મળ્યો. અમારાં દાદા જેચંદ વસાની ડાયરી આજે પણ ઘણી પ્રેરણાદાયી છે.

નાનપણથી જ ઓફિસમાં કામ કરવું છે એવી ઈચ્છાને અનુસરીને દસમાની પરીક્ષા પછી સૌથી નાના કાકા વિનોદ વસા સાથે ઓફિસમાં જોડાઈ. એ સમયે આર્ટસ, કોમર્સ અને સાયન્સ એ ત્રણ જ વિભાગ હતાં. એમાંથી કોમર્સ લીધેલું એટલે ખૂબ કામમાં આવ્યું. પપ્પાના અચાનક અવસાનથી જીવનમાં ઘણાં વળાંકો આવ્યાં. પણ સમય સંજોગોને આધીન જીવનના સારા નરસા કાળમાંથી પસાર થઈ પચાસ વર્ષની ઉંમરે ગોલ્ડ મેડલ મેળવ્યું એનો એક અનેરો આનંદ છે.

એક સ્ત્રી તરીકે એટલું તો ચોક્કસ કહીશ કે કંઈક મેળવવાની શીખવાની કોઈ ઉંમર નથી હોતી. તમે મનમાં નક્કી કરો કે કરવું જ છે તો સમય સંજોગો બધુ જ તમને આધીન થઈને આગળ વધવા પ્રેરે છે. ઘરની, બાળકોની બધી જ જવાબદારી હોવા છતાં કંઈક કરવું છે એ મક્કમતા કેળવવી જ રહી. કહેવાય છે ને કે ''યા હોમ કરીને પડ, ફતેહ છે આગે...'' કે પછી 'મન હોય તો માળવે જવાય.'

એક સ્ત્રીના જીવનમાં અમુક પડાવ કે અમુક સમય એવો આવે છે જ્યારે તે એવું ઈચ્છે છે કે મારે હવે કંઈક બીજું કરવું છે. શું કરવું છે એની અવઢવમાં હોય છે. બસ મારી પણ એવી જ અવસ્થા હતી. ૧૯૯૨માં B.Com અને ૨૦૨૨માં M.A. ત્રણ દાયકા પછી ફરી ભણવા, કંઈક નવું જાણવા, શીખવાનો વિચાર આવતો ને જતો રહેતો. એ સમય દરમ્યાન શીતલ, મારી સખીએ ગુજરાતીમાં M.A. ની મને વાત કરી. એને ખબર કે હું ગુજરાતીમાં ક્યારેક કંઈક કંઈક લખતી હતી. અમિતે મારી 'ના' ને 'હા' માં ફેરવી. અમિત અને ઈશા બંને એ મને ભણવા માટે પ્રેરિત કરી અને મેં ફોર્મ ભર્યું. એ બંનેનો સાથ અને સહકાર મારી સાથે હંમેશા રહ્યો.

કોરોના કાળમાં online શિક્ષણ આવ્યું. જે મારા માટે એક વરદાન બનીને આવ્યું. ઘરે બેસીને ભણવાનું અને એ પણ આટલા લાંબા ગાળા પછી. અશક્ય ના હતું. ક્યાંક પગ તો ઉપાડવો જ પડશે અને ડગ માંડવા જ પડશે તો જ આગળ વધવું શક્ય છે. પગ તો ઉપાડી લીધો પણ ડગ ક્યાં મૂકવો એ ખબર ન હતી, સાહિત્ય શું છે એની જાણ ન હતી, સાચું કહું તો આખો કક્કો પણ બરાબર આવડતો ન હતો. પણ SNDT માં પ્રવેશ મેળવ્યા બાદ સાહિત્યરૂપી અગાધ સાગરમાંથી એક બુંદ જેટલું પણ હું

ગ્રહણ કરી શકી એનો અનેરો આનંદ છે. અને આ શક્ય બન્યું. SNDT ગુજરાતી વિભાગના અધ્યક્ષ દર્શનાબેન ઓઝા, કવિતભાઈ પંડ્યા અને અંજલીબેન શાહના સતત પ્રેરણા અને પ્રોત્સાહન થકી. કહેવાય છે ને કે સારા ગુરુ મળવા એ ભગવાન મળવા બરાબર છે. જે મને મળેલું બીજું વરદાન હતું.

માનવીની ભવાઈ, કાન્હડ દે પ્રબંધ, ભદ્રમ ભદ્ર, મેના ગુર્જરી, સમયદ્વિપ, વાસનો અંકુર, આકાર, અમૃતા અને નદી કે દ્વિપ, સિદ્ધાર્થ અને તત્વમસિ જેવી દિગ્ગજ લેખકોની નવલકથાઓ, સાથે ભારતીય કાવ્ય સિદ્ધાંત, સંશોધન, સાહિત્ય અને સિનેમા, ભારતીય સાહિત્ય... વિષયો અને સાહિત્યની વિવિધતા. કેટકેટલું ભણ્યાં.... ક્યારેક થાક કે કંટાળો આવતો. કારણકે ઘરની જવાબદારીઓ તો હતી જ, પણ કોઈના પણ લેકચર મિસ નથી કર્યા. સાથે ભણવાનો લ્હાવો પણ મેં અને શીતલે માણ્યો. ક્યાંથી, કેવી રીતે વાંચવું, કેવી રીતે લખવું, શું લખવું એ વિષય પ્રમાણે મારા ગુરુજનોનો સાથ અને સહકાર સાથે સાથે મારી સહપાઠી સખીઓનો સાથ અને સહકાર એ મને મળેલું ત્રીજું વરદાન.

ડગ મુકવા માટે સાચો માર્ગ બતાવીને આગળ વધવા માટેનું પ્લેટફોર્મ પૂરું પાડવા બદલ SNDT ગુજરાતી વિભાગનું ઋણ સદાય મારા પર રહેશે.

મને મળેલા ગોલ્ડ મેડલ અને સર્ટિફિકેટ્સ પર મારી સાથે મારી જન્મદાત્રીનું નામ એ મારું સૌથી મોટું ઈનામ છે. યુનિવર્સિટીનો નિયમ છે માતાનું નામ લખવાનો એ ખબર ના હતી. પણ જ્યારે જોયું ત્યારનો ભાવ શબ્દમાં ના કહી શકાય કારણ કે મારી માતાના સાથ અને સહયોગને કારણે પણ આ શક્ય બન્યું છે.

ક્યારેક કંઈક મેળવવાનો આનંદ અનેરો હોય છે કારણ કે એમાં તમારી સાથે સાથે તમારા પોતાનાં લોકોના સપના પણ ક્યાંક પૂરા થતા હોય છે. સમય અને સંજોગોને આધીન જીવનના સારા નરસા કાળમાંથી પસાર થઈ પચાસ વર્ષની ઉંમરે ગોલ્ડ મેડલ મેળવ્યું એનો તો આનંદ છે જ પણ આનંદ બેવડો ત્યારે થશે જ્યારે હું માતૃભાષા અને ગુજરાતી સાહિત્ય માટે કંઈક કરી શકીશ. ભાષા અને સાહિત્ય માટે કંઈક કરવાની ઈચ્છા ધરાવતી બહેનોને ખાસ વિનંતી કે બહાર નીકળો, તમારા સમયે, તમારી અનુકૂળતાએ, પણ કંઈક કરો. માતૃભાષાને બચાવવા માટે, પોતાના બાળકને માતૃભાષા શીખવાડીને એક સ્ત્રી જ મોટું યોગદાન આપી શકે છે.

**- અનીષા અમિત ગાંધી**

## માનવ... માણસાઈ


હાલનાં સમયમાં દ્રઢ મન, વિશાળ હૃદય ને સાચી લગનને કામ કરવાની તત્પરતા જેવા ગુણોવાળા માણસો જ આગળ વધે છે. જેને સત્તાનો લોભ નથી, સત્તાથી પ્રાપ્ત થતા પૈસા ખરીદી શકતા નથી. જે સ્વતંત્ર અભિપ્રાય ધરાવતા હોય જે સ્વમાનથી જીવન જીવતા હોય. જે કોઈની સામે પણ સામે જરા પણ કર્યા વગર પોતાના વિચાર દર્શાવી શકે છે. દંગા ભર્યા ખુશામત પ્રત્યે તિરસ્કાર જતાવે છે. એવા જ માણસ હાલમાં *Progress* કરે છે.

જે પોતાની પ્રમાણિકતા ટકાવી રાખવા ટીકાકારથી પણ ડરતા નથી. કોઈ પણ માણસનું બુરુ કરતા નથી. જે પોતાની ઈચ્છા અને સિધ્ધિની વચ્ચે પ્રમાણિકતા રૂપી ફાયદા સિવાય બીજા કોઈને આડવા દેતા જ નથી. તેવા માણસ આગળ વધી શકે છે. પ્રગતિ ના સોપાન સર કરી શકે છે.

**સોરઠ (વંથલી)**
**ફાલ્ગુની સંજય મહેતા**

સુધારો


## હાર્દિક અભિનંદન



**વૈભવ ચંદ્રેશભાઈ વસા**

પાટણવાવ નિવાસી હાલ કાંદિવલી શ્રી વૈભવ ચંદ્રેશભાઈ વસાએ CFA Level III ની પરીક્ષા ઓગસ્ટ ૨૦૨૨માં પાસ કરેલ છે. તેમની આ સફળતા બદલ શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઈ તરફથી ખૂબ ખૂબ અભિનંદન...

શ્રદ્ધાંજલિ



# સ્વ. શ્રી મથુરાદાસ છોટાલાલ સાવડીયા

તા.૧૦-૦૨-૨૦૦૧

‘‘સુખ-દુ:ખમાં સદાય હસતાં રહ્યા તમે,
સૌના હૃદયમાં વસતા રહ્યા તમે,
અણધાર્યા છોડી ગયા જીવન છતાં જીવીત હોવાનો ભાસ છે,
દર્શન નથી તમારા દેહના પણ હૃદયમાં તમારો વાસ છે.’’

| | | |
|---|---|---|
| પુત્ર | : | મહેશભાઈ મથુરાદાસ સાવડીયા (મુલુંડ) |
| પુત્રવધૂ | : | હર્ષા મહેશભાઈ સાવડીયા |
| પૌત્ર | : | નેમીનકુમાર મહેશભાઈ સાવડીયા |
| પૌત્રવધૂ | : | સોનાલી નેમીનકુમાર સાવડીયા |
| પ્રપૌત્ર | : | સાહિલ નેમીનકુમાર સાવડીયા<br>કયાન નેમીનકુમાર સાવડીયા |
| પૌત્રી | : | પાયલ પ્રણવકુમાર દિનેશભાઈ શાહ<br>નુપૂર પ્રણવકુમાર શાહ |
| પ્રપૌત્ર | : | આર્ય પ્રણવકુમાર શાહ |
| પુત્રી | : | કુમુદ જસવંતરાય ખુશાલચંદ મહેતા (ઉપલેટા) |
| દોહિત્રી | : | કાજલ જસવંતરાય મહેતા |
| પુત્રી | : | નયના પ્રવીણકુમાર ફુલચંદ મહેતા (મોટી પાને |
| દોહિત્ર | : | નિખીલ પ્રવીણચંદ્ર મહેતા |
| દોહિત્રી | : | હેતલ ભાવેશકુમાર શાહ |
| દોહિત્રી | : | બિજલ હેમાંશકુમાર કોરડીયા |

Kayami / February

## ભગવાનની ભકિતનો હિસાબ!

એક કારીગરને મંદિરમાં થોડું બાંધકામ કરવાનું કામ મળ્યું. ભગવાનના મંદિરમાં કામ કરવાની તક મળી હતી. આથી એ ખુબ આનંદમાં હતો. એણે ખુબ પુરી નિષ્ઠા સાથે કામ પુરું કર્યું. એક દિવસ પોતાના કામનું મહેનતાણું લેવા માટે એ મંદીરમાં આવ્યો. પુજારીજીએ એ કારીગરનું પ્રેમથી સ્વાગત કર્યુ. પીવા માટે પાણી અને બેસવા માટે આસન આપ્યું.

પુજારીજી અંદરના ઓરડામાં ગયા અને હાથમાં એક બંધ કવર લઈને આવ્યા. કવર કારીગરના હાથમાં મુક્તાં કહ્યું, ''ભાઈ, આ તારા મહેનતાણાના ૧૦૮૦૦ રૂપિયા છે. આપણે અગાઉ નક્કી કર્યુ હતું તે મુજબનું જ મહેનતાણું છે.''

કારીગરે કવર લઈને ખીસ્સામાં  મુક્યું અને પુજારીજીનો આભાર માન્યો પુજારીજીએ કારીગરને કહ્યું એરે ભાઈ, જરા પૈસા ગણી લે. બરાબર છે કે કેમ એ તપાસી લે. કારીગર તો ખડખડાટ હસી પડયો. પછી બોલ્યો, અરે પુજારીજી, મને આપના પર પુરો વિશ્વાસ છે. આપ આ મંદીરમાં વર્ષોથી પુજા કરો છે. જો હું પૈસા ગણવા બેસું તો તે આપનું અપમાન કહેવાય. આફના જેવા સાધુ પુરુષમાં મને પુર્ણ શ્રધ્ધા છે. આટલું કહીને કારીગર પુજારીજીને વંદન કરીને જતો રહ્યો.

કારીગરના ગયા પછી પુજારીજી પોતાના હાથમાં રહેલી માળા સામે જોઈ રહ્યા અને પોતાની જાત પર જ હસવા લાગ્યા. પેલા સાવ સામાન્ય અને અભણ કારીગરને મારા જેવા માણસ વિશ્વાસ છે અને મારા જેવા કહેવાતા પંડીતને પરમાત્મા માં વિશ્વાસ નથી આથી જ મેં કેટલા મંત્ર જાપ કર્યા તેની ગમતરી રાખું છું.

પુજારીજીએ પોતાના હાથમાં રહેલી માળા ભગવાનના ચરણોમાં મુકીને નક્કી કર્યુ કે, હું તારા માટે જે કંઈ કરીશ તેનો હીસાબ રાખવાનું આજથી બંધ કરીશ. મિત્રો આપણે પણ જાણતા અજાણતાં આવું જ કંઈક કરીએ છીએ. કેટલાક ઉપવાસ કર્યા..?, કેટલાક મંત્ર જાપ કર્યા...?, કેટલી માળાઓ કરી..?, કેટલી પ્રદક્ષિણાઓ કરી...?, ક્યાં ક્યાં કોને કોને કેટલું દાન આપ્યું..?

આ બધાનો હીસાબ રાખતા હોઈએ તો એનો મતલબ એ થયો કે મને મારા પ્રભુમાં વિશ્વાસ નથી. કરેલી ભક્તિનો બિસાબ રાખીને શું આપણે આપણા પ્રભુનું અફમાન તો નથી કરતાને?

આપણા જીવનમાં આવા નાના બનાવો બનતાં હોય છે ઘણી વખત નાના નુકશાન બચાવવા જતાં મોટું નુકશાન જીરવવું પડે છે. જરૂરી હોય છે નાની બાબતોને ભુલી જવાની.

જેમકે મને પૂછયું નહીં.... મને નિમંત્રણ આપ્યું નહીં...
મને બોલાવ્યો નહીં.... મારી શુભેચ્છા સ્વિકારી નહીં...
મને માન આપ્યું નહીં, વગેરે વગેરે...

છોડી દો આ બધું, એનાથી સંબંધીઓ સાથેના સંબંધમાં નવા પ્રાણ ફુંકાસે નવી ઊર્મિનો અહેસાસ થશે. સુક્ષ્મ અહંકાર સાર માણસથી આપણને દુર કરી દે છે. જો આ છુટી જાય તો બધા આપણા જ હોય છે.

અહંકાર જલ્દી છુટશે નહીં પણ પ્રયત્ન કરવાથી શક્ય છે.

''સમયને ઓળખતા, પ્રસંગને સાચવતા, માણસને સમજતા, અને તકને ઝડપતા આવડી ગયું તો સમજ જો કે જીંદગી જીતી ગયા અને જીવી ગયાં.''

## શબ્દ

'શબ્દ' જન્મ થયા પછી જ્યારે બાળક બોલતા શીખે. ત્યારથી જ એનું જીવન શબ્દ સાથે એટલું જોડાયેલું હોય છે કે દરેક પદાર્થ, વ્યક્તિ કે ક્રિયાને શબ્દો દ્વારા વ્યક્ત કરતો હોય છે.

ઓછું બોલનારી વ્યક્તિ હોય કે વાતોડિયા સ્વભાવની વ્યક્તિ ઓછા વત્તા અંશે પોતાના સ્વભાવને શબ્દો દ્વારા જ દર્શાવતો હોય છે.

આપણાં સુખને દુ:ખ, વિષાદને પ્રસન્નતા, આપણી અકડાઈને તોછડાઈ શબ્દો દ્વારા જ પ્રગટ થતું હોય છે. શબ્દ આપણા ભાવ ને મન ની સ્થિતિ વ્યક્ત કરતો હોય છે. શબ્દ દ્વારા આપણે જુદા જુદા ભાવ વ્યક્ત કરી શકીએ છીએ.

આપણે શબ્દોનો ઉપયોગ એટલો બધો કરીએ છીએ કે રાત્રે સ્વપ્નમાં પણ તેનું કાર્ય ચાલુ હોય છે. એનો મતલબ ઊંઘમાં, અજાગ્રત અવસ્થામાં પણ આપણે શબ્દો સાથે જ રમતા હોય છે.

આજ તો શબ્દોની માયા છે કે તે આપણી આસપાસ એક અદ્ભૂત અનુભૂતિ રચે છે. કોઈપણ દ્રશ્ય ઘટનાને ભાવ સાથે અનુભવશો તો આપણને ભીતરમાં નવીનતાનો અનુભવ થશે. આ નિદોર્ષતા ચિંતને સ્પર્શી જશે.

આપણે નિરંતર શબ્દોના કોલાહલ વચ્ચે જીવીએ છીએ. એટલે અંતરના સ્પર્શથી અળગા છીએ માટે જ કહે છે કે શબ્દનો ઉપયોગ કરતા પહેલા વિચારો, સમજો, તમે શું કહેવા માગો છો ? તેના પ્રત્યાઘાત કોઈના પર કેવા પડશે વગેરે વગેરે વિશે જાણશો, વિચારશો તો જ આપણ તે શબ્દનું *Importance* સમજાશે.

**સોરઠ (વંથલી) ફાલ્ગુની સંજય મહેતા**

# BIO-DATA



## JAY DEEPAK MEHTA

**Birth Date** : 22 Aug. 1991

**Birth Time** : 5.30 p.m.

**Birth Place** : Khamgaon Maharashtra

**Height/Weight** : 5' 10" / 64 kg.

**About Me** : I have done B.E. in Mech. Engineering and working with Leading Brokage house as a Business Analyst. (IT Development), Andheri. I describe myself as humorous, joyful, creative thinker, Solution giver, simple living and high thinking, health conscious, believes in and follow humanity

**Physic & Complexion :** Athletic & Wheatish

**Hobbies** : Photography, Listening Music, Learning new things. Travelling and Exploring Research and Blogging on Stock Market & Analysis

***Family Background :***

**Father** : Deepak Nagardas Mehta - Business of Readymade.

**Mother** : Sadhana Mehta - Houswife

**Elder Brother** : Pratil Mehta

**Grandfather** : Lt. Nagardas Vithalji Mehta (Basically from Majewadi, Junagadh currently at Rajkot)

**Grandmother** : Chandanben N. Mehta - 9408664732

**Religion** : Sorath Visha Shrimali Jain, Derawasi

**Mosal** : Kantilal Girdharlal Mehta (Nana) (Basically from Vadal, Currently in Khamegaon, Buldhana Maharashtra. Kirti K. Mehta

**Merital Status** : Unmarried

**Mob.** : 8080010649

**Email** : mehta.jay22@gmail.com

**Address** : Venkatesh Park, Bhayander (W), Mumbai

**Family Coantact** : 9969121992 (Papa)
8433961182 (Mummy)

# BIO-DATA



## PRATIK DEEPAK MEHTA

**Email** : p30mehta@gmail.com

**Phone** : 8433720090

**Birth Date** : 30 Jul 1987

**Place / Time** : Junagadh / 9.45 a.m.

**Height/Weight** : 5' 8"/ 65 kgs.

**Physic & Complexion :** Slim & Wheatish

**Education** : B.Com, MBA (Correspondence)

**Occupation** : Currently works with KOTAK Securities, Goregaon as Business Analyst cum Software Testing role in Projects

**Hobbies** : Pencil Sketching, listening music, Learning new things and keen interest in art work, reading self help kind of books / blogs

**Interest** : Movies, trekking, playing badminton & carrom, health & Fitness

**About Me** : I believe in Simple living and high thinking bit workdholic Health conscious w.r.t. food, believes and follow humanity and spirituality. Iam searching for simple, decent, fun loving, educated and understanding person and having spiritual interest.

***Family Background :***

**Father** : Deepak Nagardas Mehta - Business of Readymade

**Mother** : Sadhana Mehta - Housewife

**Younger Brother** : Jay Mehta (Unmarried)

**Grandfather** : Lt. Nagardas Vithalji Mehta (Basically from Majewadi, Junagadh currently at Rajkot)

**Grandmother** : Chanduben N. Mehta - 9408664732

**Religion** : Sorath Visha Shrimali Jain, Derawasi

**Mosal** : Kantilal Girdharlal Mehta (Nana) (Basically from Vadal, Currently in Khamgaon, Buldhana, Maharashtra. Kirti K. Mehta (Mama)

**Marital Status** : Unmarried

**Horoscope Matching :** Yes

**Contact Details** : Resi. Add.: Venkatesh Park, Opp. MTNL Office, Next to Rathanakr Jain Derasar, Bhayander (W), Thane - 401101. Maharashtra

ફેબ્રુઆરી માસના મુખપત્રના સૌજન્યદાતા

# ચંદનબેન અરવિંદકુમાર મહેતા

જન્મ : તા.૧૯-૦૨-૧૯૪૨

જીંદગી રસોડામાં જેની અડધી વહી ગઈ...,
ખબર નહીં ''મા'' ક્યારે ઘરડી થઈ ગઈ...

બધાનું ભાણું સાચવવામાં કેવી પડી ગઈ,
ખબર નહીં ક્યારે ''મા'' એકલી થઈ ગઈ,

બાળકોને ઉછેરવામાં એવી પડી ગઈ,
ખબર નહી ક્યારે એના ચહેરામાં કરચલી પડી ગઈ,

વ્યવહારને સાચવવામાં એવી વ્યસ્ત થઈ ગઈ,
ખબર નહીં ક્યારે એના વાળની લટ સફેદ થઈ ગઈ,

આજ એના સ્થાને આવીને ઊભાં રહી ગયા,
ત્યારે ''મા''ની સાચી કિંમત ખબર પડી ગઈ.

| | | | |
|---|---|---|---|
| પુત્ર : | તુષાર અરવિંદકુમાર મહેતા | પુત્રવધુ : | રાજુલ તુષાર મહેતા |
| પુત્રી : | પારુલ પ્રણવ ઈમાનદાર | જમાઈ : | પ્રણવ ઈમાનદાર |

બેન : નિર્મલાબેન દિવ્યકાંત દોશી

૬, એમ્પાર હાઉસ, બીજે માળે, ઈરલા, એસ.વી.રોડ, વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬.

## ફેબ્રુઆરી માસના મુખપત્રના સૌજન્યદાતા

# શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ



શ્રી કાંતિલાલભાઈ શાહ (સાવડીયા) એટલે 'જીવનમાં જે હસે છે તે હારતો નથી' એ વાતને યથાર્થ રીતે સાબિત કરનાર, ખૂબ જ આનંદી અને રમૂજી સ્વભાવની દિલદાર વ્યક્તિ. તેઓ ઉદારદિલ, પ્રેમાળ સ્વભાવ, ક્ષમા અને મૈત્રીનો ભાવ અને આનંદસભર જીવન જીવનાર એક મૂઠી ઊંચેરા માનવી. મિત્રો અને શુભેચ્છકોથી વિંટળાઈ રહેતાં અને સૌના સુખે સુખી અને દુઃખે દુઃખી એવી સંવેદનશીલ પ્રકૃતિની વ્યક્તિ, તેમની સાથે રહેવું એટલે જાણે મધુર ગીતની તરજમાં તરલ થઈને વહેવું. કાંતિલાલભાઈ એટલે સૌના મિત્ર, સાથી અને એક એવું અક્ષયપાત્ર તેમની પાસેથી જે માગો તે મળે અને કાંઈ ન માગો તો પણ પ્રેમ મળે જ.

પૂ. મુરબ્બી શ્રી કાંતિલાલભાઈનો જન્મ તા.૧૮-૧૧-૧૯૨૧ના રોજ થયેલ હતો. ૯૨ વર્ષનું જૈફ આયુષ્ય ભોગવી નવ દાયકામાં અનેક લીલી-સુકી જોઈ તા.૨૦-૨-૨૦૧૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા.

આવા ઉદારદિલ પરિવારના સર્વે સભ્યો હરહંમેશ સમાજ માટે લાગણીસભર દાનની ગંગા વહેવડાવતા જ હોય છે. આવા પરિવારે ઉદારદિલે મુખ્ય દાતા તરીકે શ્રીમદ્ રાજચંદ્ર એજ્યુકેશન ટ્રસ્ટ ધરમપુર, જિલ્લો વલસાડ, સર્વકલ્યાણ ટ્રસ્ટ, બળેજ તીર્થ પોરબંદર, માનવ કલ્યાણ ટ્રસ્ટ મમતા મંદિર, વિજલપોર નવસારી, રામકૃષ્ણમિશન વિવેકાનંદ મેમોરિયલ પોરબંદર ખાતે દાનો કરેલાં છે. આ ઉપરાંત મુંબઈ સમાજમાં પણ મોટા દાન કરેલાં છે. શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્રમંડળ, મુંબઈની શતાબ્દી ઉજવણી નિમિત્તે એક ઓનરશીપની ઓફિસનું દાન આપીને સમાજમાં એક અનોખો દાખલો બેસાડ્યો છે. આવા દાનવીર અને મિતભાષી, જીવનમાં ફક્ત કાર્યકરવામાં માનનારા અને હકારાત્મક (પોઝિટીવલી) અભિગમ રાખનારા શ્રી કાંતિલાલભાઈના પરિવારના સર્વે સભ્યો જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ સાધતાં રહે....

## ફેબ્રુઆરી માસના મુખપત્રના સૌજન્યદાતા
## સ્વ. શ્રી હરસુખલાલ નંદલાલ ઝવેરચંદ વોરા
બેંગલોર



### શ્રી નંદલાલ ઝવેરચંદ વોરાના જ્યેષ્ઠ પુત્ર
### જન્મ : તા.૬-૪-૧૯૨૭ ધોરાજી (સૌરાષ્ટ્ર)
### અભ્યાસ : ૧૦મું ધોરણ

શ્રી હરસુખલાલભાઈ કલકત્તા ખાતે ૧૯૪૪માં આવ્યા. ખાનગી પેઢીમાં જોડાયા અને ત્યાર બાદ ૧૯૫૧માં મે.હરસુખલાલ એન. વોરાના નામે પોતાની પેઢી શરૂ કરી.

૧૯૪૭માં મોટી પાનેલીનાં શ્રી લવચંદ વીરચંદ શેઠના સુપુત્રી સવિતાબેન સાથે લગ્ન થયાં. ૧૯૬૭માં સામચી, ભૂતાન મધ્યે નટ-બોલ્ટની મેન્યુફેક્ચરીંગ લાઈનમાં પડ્યા અને રોયલ ગવર્મેન્ટ ઓફ ભૂતાનનો સહકાર મળ્યો. ત્યારબાદ ૧૯૭૪માં પ્રેસીઝન ટૂલ્સ, કોમ્પોનન્ટ્સનું ઉત્પાદન શરૂ કર્યું.

તેઓએ ધંધાના વિકાસાર્થે જાપાન, થાઈલેન્ડ, હોંગકોંગ વગેરે સ્થળોએ મુસાફરી કરી. ધંધાને વિકસાવ્યો.

શ્રી મગનલાલ મોતીચંદ મહેતાના બોલાવ્યાથી તેઓ કલકત્તા ગયા. ત્યાં તેઓશ્રીએ ૫ થી ૬ વર્ષ પછી પોતાનો ધંધો શરૂ કર્યો. તેઓ દરેક ચીજો આયાત કરતા હતા.

તેમણે સાંસારીક જીવન, આધ્યાત્મિક રીતે જીવી જાણ્યું અને આર્થિક ક્ષેત્રે ખૂબ પ્રતિષ્ઠા મેળવી. તેઓશ્રી ૧૯૮૫ સુધી કલકત્તા ખાતે રહ્યા. તેમનું દાંપત્યજીવન ખૂબ સુખી હતું.

તેમના ત્રણેય સુપુત્રો નરેન્દ્રભાઈ, ભૂપતભાઈ, જયંતભાઈ બેંગ્લોર ખાતે છે.

શ્રી જયંતભાઈ રોટરી ક્લબના ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ છે.

તેમના દાનની ભાવના ઘણી જ ઉંચી હતી અને કલકત્તામાં એસ.વી.સોશિયલ વેલ્ફેર ફાઉન્ડેશનના ત્રીજા માળને ફૂલ એરકેન્ડીશન કરવામાં યોગદાન આપેલ છે.

## ફેબ્રુઆરી માસના મુખપત્રના સૌજન્યદાતા
## સ્વ. શ્રીમતી સવિતાબેન હરસુખલાલ નંદલાલ વોરા



મોટી પાનેલીના શ્રી લવચંદ વીરચંદ શેઠના સુપુત્રી સવિતાબેન ઘણાં જ લાગણીપ્રધાન હતાં અને તેમના ૫૦ વર્ષના દાંપત્યજીવનમાં હંમેશાં શ્રી હરસુખભાઈ સાથે સુખ-દુઃખમાં સાથે ઊભા રહ્યાં હતાં. જ્યાં સુધી સવિતાબેન જીવ્યા ત્યાં સુધી તેમણે શ્રી હરસુખભાઈની સેવા કરી હતી અને તેમની સેવા જોયા પછી દરેક વ્યક્તિને સવિતાબેન માટે માન ઉપજે કે ૫૦-૫૦ વર્ષ સેવા કરતાં કદી પણ તેમને કંટાળો આવ્યો નહીં આમ સવિતાબેન બહુ જ સાલસ સ્વભાવના હતાં અને ગમે તેનું કામ કરી આપવું એવી ભાવના સાથે જ તેમનું જીવન પૂરું કર્યું હતું.

શ્રી હરસુખભાઈના મહેમાનો આવે એ તેમને બહુ જ ગમતું અને તેમને ત્યાં સવિતાબેનના હાથનો રોટલો બહુ જ મોટો અને સ્વાદિષ્ટ હતો એટલે ગમે ત્યારે મહેમાનો આવતા જતા રહેતાં.

પૂ.સવિતાબેનમાં સંયુક્ત કુટુંબની ભાવના હરહંમેશાં રહેલ હતી.

# ''સોડમ''

''મમ્મી, આ તારી જીદ ખોટી નથી? પપ્પાનું પણ તું માનતી નથી. થ્રી બેડરૂમનો ફ્લેટ આ કિંમતે મળી રહ્યો છે. શહેરના અમીર લોકો ત્યાં વસે છે. ક્રીમી કલચર છે. આટલી સિક્યોરિટી, બધી જ એમીનીટી, ઓટોમેટિક લિફ્ટ, પાવર બેકઅપ, સ્વિમિંગપુલ, જીમ, ગાર્ડન અને વળી નવમાં માળેથી તને આકાશ અને શહેરનો નજારો કેવો સરસ જોવા મળશે! બાલ્કનીમાં હિંચકે બેસીને તું માણી શકીશ આ બધું. જેનું તને સપનું હતું. તું સમજતી કેમ નથી?'' રોહન રસોડામાં જઈને મમ્મીને સમજાવાના પ્રયત્ન કરી રહ્યો. ''બધું બરાબર બેટા, જિંદગીમાં માણી લેવા જેવું બધું જ ત્યાં છે પણ મેં જે જોયું એ તમને ન દેખાયું..'' એક ગેસ ઉપર દાળ ઉકાળતી અને બીજા ગેસ ઉપર શાક વઘારતી શિવાનીએ રોહનને જવાબ આપવાની કોશિશ કરી પણ શિવાનીની વાતને વચ્ચેથી કાપી નાંખતા પંકજભાઈ ગુસ્સામાં રસોડામાં પ્રવેશી ગયા.

''તારી મમ્મીને બધે જ કંઈક વાંધો દેખાય, એ આ જૂનાં મધ્યમવર્ગી ફ્લેટમાં પડ્યાં રહેવાને જ લાયક છે.''

''એમ નહીં પપ્પા, એને બોલવા તો દો. બોલ મમ્મી, તને એવું તે શું દેખાયું એ સોસાયટીમાં કે...'' રોહને પ્લેટફોર્મ પર બેસી જતાં કહ્યું.

રસોડામાં ગેસની ગરમી વચ્ચે જ ચર્ચાની ગરમી પણ જામી પડી.

શિવાનીએ પંકજભાઈના ગુસ્સાને ગળી જઈ બન્ને ગેસના બર્નર બંધ કરી પોતાનો જવાબ મક્કમતાથી રજૂ કર્યો.


''બેટા, તારી વાત સાચી છે. છત્રીસ અમીર પરિવારો ત્યાં વસે છે, મસમોટી પોશ સોસાયટી છે, સિક્યોરિટી ગાર્ડ ત્યાં ચકલુંય ફરકવા દે એમ નથી પણ તું યાદ કર આપણે ત્યાં હતાં ત્યારે બપોરનાં બે વાગ્યાં હતાં. બધા જ ઘરે જમવાનું પતી ગયું હોય અને એ સમયે રસોઈની વધઘટ પણ નીકળી ગઈ હોય. એવે વખતે સિક્યોરિટી ગાર્ડને હું ફ્લેટની ચાવી પાછી આપવા એની કેબિનમાં ગઈ ત્યારે એ જમવામાં શું ખાતો હતો એ કહું? વહેલી સવારે બનાવીને સાથે લાવેલો જારનો રોટલો અને અથાણું. શું આટલાં સુખી પરિવારો આખો દિવસ ઊભા ઊભા ફરજ બજાવતાં આ ગરીબ ચોકીદારને પોતાના ભોજનમાંથી ગરમ ભોજન આપી ન શકે? અરે વારા નક્કી કરે તો પણ છત્રીસ દિવસે એક વખત એમનો વારો આવે. પોતાનાં માટે બેફામ ખર્ચ કરતી એ અમીર પ્રજાના મનમાં આવો વિચાર ન આવે તો ધૂળ છે એમનાં પૈસા અને એવા ક્રીમી કલ્ચરને.

બીજું, લીફ્ટની બહાર બોર્ડ મારેલું હતું કે સામાન ફેરવતાં મજૂરો, ડિલિવરી મેન, ધોબી વગેરે લોકોએ લિફ્ટ વાપરવી નહી. તે જોયું હશે કે પેલો ઝોમેટો વાળો છોકરો નવમી માળ ચડતાં જ કેવો હાંફી ગયેલો. તો વિચાર કર કે જ્યાં રીનોવેશન ચાલતું હોય કે વજનદાર સામાનની હેરફેર કરવાની હોય એ કારીગરો, મજૂરોની કઈ દશા થતી હશે શું એ બધા માણસ નથી? આ સહુની દયા ખાવામાં લીફ્ટનું કદાચ વધુ મેઈન્ટેનન્સ આવે તો એટલો ખર્ચ ભોગવી લેવા બધા સક્ષમ નથી? પોતાનાં બાળકો આખો દિવસ લીફ્ટનો બિનજરૂરી ઉપયોગ કરી શકે, અરે પાળેલાં કૂતરા માટે પણ લિફ્ટનો ઉપયોગ માન્ય છે પણ આ મહેનતકશ માણસો કે જેમના વગર કોઈને ચાલી શકવાનું પણ નથી એમનો કસ કાઢવામાં પાછું વળીને નહીં જોવે, બેટા, જ્યાં માનવતાનું નામો નિશાન ન હોય, પોતાના માટે જ નર્યા ભોગવાદનું પ્રદર્શન હોય, જ્યાં વધેલી રોટલીઓ ડસ્ટબીનમાં જતી હોય એવા લોકો એવી ભૂમિ પર મને નહીં ફાવે. હું જો પેલા સિક્યોરિટી ગાર્ડને થાળી આપવા જઈશ તો પણ મને એની પરમિશન નહીં મળે. ભલે આ આપણી મધ્યમવર્ગની જૂની સોસાયટી છે પણ અહીં માનવતા છે, નાના માણસો માટે હમદર્દીનો વિચાર છે, કામવાળા, ચોકીદારની થાળી એ એમની ચિંતા નથી પણ અમારી ગૃહિણીઓની જવાબદારી છે. અહીં કોઈપણ માણસ લિફ્ટ વાપરીને ઉપર જઈ આવી શકે છે ને ઉપરથી સહુ એને પાણીનાં પ્યાલાનું પણ પૂછે છે. બેટા, મને પોશ વિસ્તારનાં સોનાનાં પિંજરમાં નથી રહેવું. અહીં મારા જેવા લોકો વચ્ચે હું જીવનને સંતોષ પૂર્વક માણી શકીશ. નવમાં માળેથી ઝગમગતાં શહેરનો નજારો જોવા કરતા અહીં એકમેકનાં હૃદયમાં વસીને, સહુના પેટ ઠારીને રહેતા લોકો વચ્ચે જીવવું એ મને વધુ ગમશે. જો તમે સમજો તો!''

રોહન માનપૂર્વક એની માતાને જોઈ રહ્યો અને પછી હળવેથી એનાં પપ્પાને ખભે હાથ રાખી એમને રસોડાની બહાર લઈ ચાલ્યો શિવાનીનાં રસોડામાં ઉકળતી દાળની સોડમ વધુ હતી કે તેનાં વિચારોની તે નક્કી કરવું બન્નેને અઘરું લાગ્યું.

**- ગીરીશ કાંતીલાલ શાહ**

## ભાવભીની શ્રદ્ધાંજલી



# સ્વ. શ્રી સૂર્યકાન્ત મનસુખલાલ લાલચંદ વોરા

જન્મ : તા.૧૩-૮-૧૯૪૩ ❖ સ્વર્ગવાસ : તા.૫-૩-૨૦૧૭ (ધોરાજી, હાલ-બોરીવલી)

*શૂન્યમાંથી સર્જન કરી,*
*સેવા સર્મપણ, નીડરતાની સાક્ષાત મૂર્તિ,*
*અમૃત ભરેલા અંતરવાળા, સાગર જેવા વિશાળ દિલવાળા,*
*કુટુંબ, સગાં તથા સ્નેહીને સદાય ઉપયોગી રહી,*
*વિશાળ વડલાની જેમ પોતાની છાયામાં*
*આવતા સર્વેને વિસામો આપતા*
*કર્મયોગી વડીલ...*

**પરમ કૃપાળુ પરમાત્મા તમારા દિવ્ય આત્માને**
**શાંતિ પ્રદાન કરે એવી હૃદયપૂર્વક પ્રાર્થના....**

શ્રદ્ધાંજલિ સહ...

**પિતાશ્રી** : સ્વ. શ્રી મનસુખલાલ લાલચંદ વોરા - **માતા** : સ્વ. શ્રીમતી જયાકુંવર મનસુખલાલ વોરા

**પત્ની** : પ્રવીણાબેન - **પુત્ર** : ચિંતન - **પુત્રી** : ચૈતાલી

**ભાઈ** : હસમુખ - **ભાભી** : સ્વ. મધુબાલાબેન - **ભત્રીજા** : જય, મિતેશ - **ભત્રીજાવહુ** : રીના, ફોરમ

**બહેનો** : સ્વ. અનસુયાબેન, સ્વ. ભાનુબેન, કુસુમબેન, પ્રતિભાબેન, જ્યોત્સનાબેન, હીતાબેન

**સસરા** : સ્વ. શ્રી નગીનદાસ નેણશી મહેતા - **સાસુ** : સ્વ. શ્રીમતી કંચનબેન નગીનદાસ મહેતા

તેમજ

**સમસ્ત વોરા પરિવાર તથા મહેતા પરિવારનાં જય જિનેન્દ્ર**

## ''જીવનનું સાચું રહસ્ય''


મિ.સંયમ શાહ તમે એકલા આવ્યા છો કે સાથે કોઈ રિલેટિવ પણ આવ્યા છે? ડો. ગંભીરતાપૂર્વક પૂછયું. સમજી ગયો, સાહેબ મારા બ્રેઈનનો રિપોર્ટ સારો નહીં આવ્યો હોય, પણ એ જે હોય તે તમે મને જ કહી શકો છો, સર....મારા ફેમિલીને જણાવવાની જરૂર નથી. હકીકતમાં અમારા ઘરમાં સૌથી મજબૂત મન ધરાવતો સભ્ય હું જ છું. મારી વાઈફ તો બિચારી સાવ પોચી છે અને મા-બાપ ઘરડાં થઈ ગયાં છે. બાળકો નાના છે, જે હોય તે મને એકલાને જ કહી દો.

ભલે ત્યારે... ડો. જેટકું કહી શકાય તેટલું કહેવાનું શરૂ કર્યું. મિ.સંયમ તમને બ્રેઈન ટ્યૂમર છે. સામાન્ય રીતે ટ્યૂમર હોય. તમારે અમે બાયોપ્સીની સલાહ આપીએ છીએ, પણ તમારા કેસમાં એવું શક્ય નથી. યોર ટ્યૂમર ઈઝ ઈનઓપરેબલ. એ એવી જગ્યાએ આવેલું છે અને એની સાઈઝ પણ એટલી મોટી છે કે ઓપરેશન કરવા જતાં... ડોક્ટરની વાત સાંભળીને સંયમને આંચકો તો જોરદાર લાગ્યો અને એ આંચકો સકારણ હતો. એની ઉંમર હજી તો ચાલીસ જ વર્ષની હતી. જિંદગીના કીમતી વર્ષો એણે બિઝનેસ જમાવવામાં જ ખર્ચી નાખ્યાં હતાં. અલબત્ત, એમાં સારો સમય આવ્યો ત્યારે જ આ માઠા સમાચાર સામે આવી ઊભા રહ્યા. ડોક્ટર મને સાચેસાચું જણાવી દો. મારી પાસે કેટલાં વર્ષો બચ્યાં છે? ઉપરછલ્લી સ્વસ્થતા દાખવીને ડોક્ટરને પૂછી લીધું.

વર્ષો નહીં, મિ.સંયમ, તમારી પાસે માત્ર થોડાક મહિનાઓ જ બચ્યા છે. કેટલા એ હું ન કહી શકું. વધુમાં વધુ છ. જો કીમોથેરપી ન લો... તો કદાચ એક-બે મહિનામાં જ... સંયમ શાહ ભાંગી પડ્યા. હાથમાં રિપોર્ટ લઈને, ડોક્ટરનો આભાર માનીને એ ધીમે ડગલે બહાર નીકળ્યા. એક પળમાં તો વીતેલું આખું જીવન આંખો સામેથી પસાર થઈ ગયું. એમની નજરમાં એમની પોતાની જે તસવીર ઊભરી એ કંઈ ખાસ વખાણવાલાયક ન હતી. હોય પણ ક્યાંથી? મબલખ ધન કમાવવાની લાયમાં એમણે ખાસ મિત્રો બનાવ્યા જ ન હતા. જે કંઈ સંબંધો હતા તે બધા પ્રોફેશનલ હતા. એમનું સ્મિત પણ આલબમિયું હતું.

મનમાં એમ હતું કે હાથમાં રિપોર્ટ લઈને, ડોક્ટરનો આભાર માનીને એ ધીમે ડગલે બહાર નીકળ્યા. એક પળમાં તો વીતેલું આખું જીવન આંખો સામેથી પસાર થઈ ગયું. એમની નજરમાં એમની પોતાની જે તસવીર ઊભરી એ કંઈ ખાસ વખાણવા લાયક ન હતી હોય પણ ક્યાંથી? મબલખ ધન કમાવવાની લાયમાં એમણે ખા મિત્રો બનાવ્યા જ ન હતા. જે કોઈ સંબંધો હતા તે બધા પ્રોફેશનલ હતા. એમનું સ્મિત પણ આલબમિય હતું. મનમાં એમ હતું કે એક વાર પચીસ-પચાસ કરોડ રૂપિયા લઈશું એ પછી જિંદગીને સારી માણીશું. એય ને મિત્રો બનાવશું, મહેફિલો જમાવીશું, પત્નીને અને બાળકોને પૂરતો સમય આપીશું, પડોશીના ઘરે જઈને ચા પીશું અને અફસોસ એ બધું હવામાં અધ્ધર જ રહી ગયું. મનના મનસૂબા મનામાં જ રહી ગયા. અચાનક વિદાયની વેળા આવી પહોંચી. 'સલામ સાબ' સંયમ શાહ ચમક્યા. ક્લિનિકની બહાર લિફ્ટમેન ઊભો હતો તે પૂછતો હતો, કૈસા હૈ આપકો? અચ્છા હો ગયા ના, સા' બ? યે દાક્તર સા; બબોત અચ્છે હૈં. જો પેશન્ટ ઉસકી સારવાર લેતા હૈ ઉસકા .હાં દોબારા આનેકી જરૂરત નહીં રહેતી, સા' બ આની પહેલાં સંયમે આ લિફ્ટમેનને ચાર-પાંચ વાર જોયો હતો. ભારે વાતોડિયો માણસ લાગ્યો હતો એને દર વખતે એ સલામ, સા' બ' બોલીને વાતચીત વધારવાની કોશિશ કરતો, પણ સંયમ એને ટાશતો રહેતો હતો. આવા નાના માણસોની સાથે જરાક હસીને બોલો એટલે સમજો કે ગયા કામથી ત્રીજે દિવસે હાથ લાંબો કરવાના જ, છોટી બહેન કી શાદી હૈ. સો-બસો,પાંચસો પડાવીને જ રહે. પણ આજે બધું બદલાઈ ચૂક્યું હતું. સંયમે આજે મૃત્યુને જોઈ લીધું બતું. કોને ખબર આ લિફ્ટમેન ફરી ક્યારેય જોવા મળશે કે નહીં? એણે પણ હસીને એના ખભા પર હાથ મૂક્યો, ક્યા નામ હૈ તુમ્હારા? પાંચમાં માળેથી ગ્રાઉન્ડ ફ્લોર સુધી ઊતરતાંમાં તો સારી એવી શબ્દોની આપલે થઈ ગઈ. બહાર નીકળીને સંયમે પાકીટમાંથી પચાસનું પત્તું કાઢીને એ ગરીબ માણસના હાથમાં મૂકી દીધું. પેલાનો ચહેરો ખીલી ઊઠયો, 'આપ બો' ત અચ્છે હૈં, સા' બ'. રસ્તો ક્રોસ કરીને એ ગાડી પાસે પહોંચ્યો, ડ્રાઈવરે દરવાજો ખોલી આપ્યો. ડ્રાઈવર એના માલિકથી ખૂબ જ ગભરાતો હતો, પણ આજે એ જ માલિક એને કંઈક બદલાયેલા લાગ્યા. જેવી ગાડી ચાલુ થઈ તે સાથે જ

શ્રધ્ધાંજલી



# સ્વ. શ્રી વૃજલાલ જગજીવનદાસ વોરા

મૂળવતન : ધોરાજી

જન્મ : તા.૨૮-૧-૧૯૩૧ ❖ સ્વર્ગવાસ : તા.૮-૩-૨૦૦૫

**તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયા**
**સુગંધ જેની ચોતરફ મૂકતા ગયા**
**સુખને છલકાવ્યું નહીં, દુ:ખને દેખાડ્યું નહીં**
**જીવન તમે એવું જીવ્યા, ભૂલ્યું ભૂલાય નહીં.**
**સુગંધ આપના સ્નેહની પ્રસરતી રહેશે**
**વસ્યા છો દૂર છતાં, કૃપા આપની વરસતી રહેશે.**
**આપનો હસતો તેજસ્વી ચહેરો, પરોપકારી સ્વભાવ,**
**ધર્મ અને જીવન પ્રત્યેની ઉદાર ભાવના.**
**સમાજ અને કુટુંબ પ્રત્યેની શુભ ભાવના સદાયે યાદ રહેશે.**

**લિ.**

ગં. સ્વ. વિજયાબેન વૃજલાલ વોરા
કિરીટ, ગીતા, કેવીન, ખ્યાતિ, યુગ, વિહાન, શૈલેષ, રૂપલ, કેવલ, કાજલ
કેલેશ, નીતા, હેનલ, પ્રિયા, રાજેશ, બીના, આગમ
જ્યોતિ રાજેન્દ્રભાઈ મહેતા

**-: શ્રી જગજીવનદાસ સીરાજ વોરા પરિવાર :-**

**VORA SHAILESH VRAJLAL**
D - 401 / 402, Pancham Apt., Bldg. No.1, Hemu Kalani Road No.2,
Irani Wadi, Kandivali (W), Mumbai - 400067. Mobile : 9821045422

માલિકની વાતો પણ ચાલુ થઈ ગઈ. 'રાજુ, એક વાત પૂછું? તને અમદાવાદમાં કાર ચલાવતાં ક્યારેય કંટાો નથી આવતો? ડ્રાઈવર ગભરાયો. એને લાગ્યું કે આજે પોતાની નોકરી ગઈ બીતાં બીતાં એણે જવાબ આપ્યો, નહીં, સાહેબ કંટાો શેનો? આ તો મારું કામ છે. મારી રોજીરોટી છે. સાહેબ, તમને એવું કેમ લાગ્યું? 'બસ એમ જ એક કામ કર, આજે તું મારી જગ્યાએ આવી જા, આજે ગાડી હું ચલાવીશ.' 'અરે, સાહેબ તમારી તબિયત?' 'મારી તબિયતની ચિંતા છોડ? તારી પત્નીનું નામ? દીકરા-દીકરી કેટલાં છે? શેમાં ભણે છે?' ડ્રાઈવરને લાગ્યું કે એના માલિક આજે ગાંડા થઈ ગયા છે. એ સાચવી સાચવીને જવાબ આપતો ગયો. છેલ્લા પાંચ વર્ષથી એ સંયમના ડ્રાઈવર તરીકે નોકરી કરતો હતો. આજ સુધીમાં માલિકના મોંએથી એણે આવું જ સાંભળ્યા કર્યું હતું. કાલે કેમ વહેલો ચાલ્યો ગયો હતો? આજે કેમ મોડો આવ્યો? હાડકાં હરામનાં થઈ ગયા છે, કેમ? કામ કરાતં જોર આવે છે અને દર ત્રીજા મહિને પગાર વધારો માગતાં શરમ નથી આવતી. એને બદલે ઘરે પહોંચ્યો પછી આવું સાંભળવા મળ્યું.

'ભ' ઈલા તારે ઘરે જવું હોય તો જા, મારે ગાડીમાં ક્યાંય જવાનું નથી. કારણ વગર તારે અહીં બાસી રહેવાની જરૂર નથી, બૈરી-છોકરાં સાથે મઝા કરજે' રાજુથી બોલાઈ ગયું, 'સાહેબ, તમે ખરેખર લાર માણસ છો. સાંજે સંયમે પહેલી વાર પત્ની અને બાળકોની સાથે બેસીને ડિનર લીધું. બંને બાળકોની સાથે સ્કુલ વિશે વાતો કરી. એમને ચિત્રો દોરવામાં મદદ કરી નાની ગુડ્ડી બોલી ઊઠી. 'પપ્પુ, તમે કેટલા ગુડ-ગુડ પપ્પા છો રોજ અમારી સાથે આવી રીતે સવારે પડોશમાં રહેતા અનિમેષભાઈનું મોં રહી ગયું. અરે સંયમભાઈ, તમે? સવાર સવારમાં અમારે ત્યાં? સૂરજ કઈ દિશામાં ઊગ્યો છે આજે? અરે, સરોજ.. પાણી લાવજે તો..' એકલા પાણીથી નહીં પતે, અનિમેષભાઈ, આજે તો ચા પિવડાવવી જ પડશે. સંયમે હક્કથી કહીં દીધું. સરોજબહેન સાંભળી ગયાં, ચાની સાથે નાસ્તો પણ લઈ આવ્યાં, અડધા કલાકમાં ઘરોબો સ્થપાઈ ગયો, ઝઘડો તો હતો જ નહીં, પણ પડોશીઓના મતે સંયમ સાવ અતડો અને અભિમાની માણસ હતો. આજે લાગ્યું કે આ માણસ તો સંબંધ કેળવવા જેવો છે. જતી વખતે સંયમે ઠરાવ પસાર કરી નાખ્યો. આજથી સવાર ની ચા તમારે ત્યાં અને સાંજની ચા મારા ઘરે પણ બે દિવસમાં તો સંયમે સૌને ખુશ કરી દીધા. અત્યાર સુધી એને સ્વાર્થી, અતડો ને અભિમાની મનાતા આવેલા તમામ લોકો હવે બોતા હતા. 'ભાઈ, વાહ માણસ તે આનું નામ' ચાર દિવસ પછી ડોક્ટરનો ફોન આવ્યો. મિ.સંયમ શાહ આઈ એમ વેરી વેરી સોરી તમારા બ્રેઈનનો રિપોર્ટ એકદમ નોર્મલ છે. આઈ મીન, મિ.એસ.એસ.શાહ નામધારી બે દરદીઓ હોવાના કારણે રેડિયોલોજીસ્ટના હાથે જ ભૂલ થઈ ગઈ .ત...ત...તમે સાવ જ સાજાસારા છો... એબ્સોલ્યુટલી નોર્મલ... તો હવે સો વર્ષ સુધી જીવતા રહી શકો છો. મારી તમને બેસ્ટ વિશીઝ છે... સંયમ શાહઃ

તમે મને ઓળખતા હતા એ સંયમ તો ક્યારનોય મરી ગયો, ડોક્ટર હવે તો મારો પુર્નજન્મ થયો છે. હવે મને સમજાઈ ગયું તે જિંદગીનો સાટો મર્મ જિંદગીમાં વર્ષો ઉમેરવાનો નથી, પણ વર્ષોમાં જિંદગી ઉમેરવાનો છે. જીવન જિંદગી આપની છે પરિવાર સાથે પાડોશી સાથે સમાજ સાથે પ્રેમ ભર્યો વર્તાવ કરી જિંદગી જીવી લઈએ.

''એક દિવસ આ બધું જ છોડીને જવાનું છે એવું સમજાય તો આપના વિચારો, આપનું વર્તન અને આપનું જીવન સદંતર બદલાઈ જાય છે.


**સંકલનઃ ગિરિશ કે. શાહ - કાંદિવલી (પૂર્વ)**

## એક અગત્યની જાહેરાત

**વર્ષ દરમિયાન શ્રી સોરઠ વિશા શ્રીમાળી મુખપત્ર (આવતા દિવાળી અંક સુધી)માં છપાતા ત્રણ શ્રેષ્ઠ લેખોને અનુક્રમે રૂા.૩૦૦૦/-, રૂા.૨૦૦૦/- અને રૂા.૧૦૦૦/-નું ઈનામ શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ મુંબઈના કારોબારીના સભ્યો તરફથી આપવાનું નક્કી કરેલ છે.**

**નિર્ણાયક તરીકે વરિષ્ઠ પત્રકાર અને આપણા મુખપત્રના ભૂતપૂર્વ તંત્રી શ્રી મહેન્દ્રભાઈ પુનાતર પોતાની સેવા આપશે.**

## ૧૩મી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



### સ્વ. ધીરજલાલ ચંદુલાલ માઝની

સ્વર્ગવાસ : તા.૨૧-૩-૨૦૦૯, ફાગણ વદ ૧૦

**''તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયા,**
**સુગંધ જેની ચોતરફ મૂકતા ગયા.''**

**આપના આત્માને પરમકૃપાળુ પરમાત્મા**
**પરમ શાંતિ આપે તેમ જ આપના આશીર્વાદ હંમેશ**
**અમારી સાથે રહે એવી અમારી**
**અંતઃકરણપૂર્વકની પ્રાર્થના...!!!**

લિ.

| | | |
|---|---|---|
| ધર્મપત્ની | : | લીલમબેન |
| પુત્ર | : | હરેશ, નરેશ |
| પુત્રવધૂ | : | હીના, વૈશાખી |
| પુત્રી-જમાઈ | : | કલ્પના અમિતકુમાર મોદી |
| પૌત્ર | : | હેમીત, જૈનીલ |

તથા

**સમસ્ત માઝની પરિવાર**

Kayami / March

# પોસ્ટ ઑફિસ

પાછલી રાત્રિનું ભૂરું આકાશ, માનવજીવનમાં અનેક સુખદ યાદગીરી ચમકી રહે તેમ, નાનામોટા તારાઓથી ચમકી રહ્યું હતું. ઠંડા પવનના સુસવાટાથી પોતાના જુના અને ફાટેલા ઝબ્બાને શરીરે વધારે ને વધારે લપેટી લેતો એક વૃદ્ધ ડોસો શહેરના મધ્ય ભાગમાં થઈને જતો હતો. સ્વાધીન અવસ્થા ભોગવતા કેટલાંક ઘરોમાંથી આ વખતે ઘંટીનો મધુર લાગતો અવાજ, સ્ત્રીઓના ઝીણા સ્વર સાથે આવતો હતો. એકાદ કૂતરાનો અવાજ. કોઈક વહેલા ઊઠનારનાં પગરખાંનો છેટેથી સંભળાતો શબ્દ કે કોઈ અકાળે જાગેલા પક્ષીનો સ્વર. એ સિવાય શહેર તદ્દન શાંત હતું. લોકો મીઠી નિદ્રામાં ઘોરતા હતા. અને શિયાળાની ઠંડીથી રાત્રિ વધારે ગાઢ બનતી હતી. કહે નહિ છતાં કતલ કરી નાખે એવા મીઠા મનુષ્યના સ્વભાવ જેવી શિયાળાની ઠંડી કાતિલ હથિયારની માફક પોતાનો કાબૂ સર્વત્ર ફેલાવી રહી હતી. વૃદ્ધ ડોસો ધ્રૂજતો ને શાંત રીતે ડગમગ ચાલતો શહેરના દરવાજા બહાર થઈ. એક સીધી સડક પર આવી પહોંચ્યો. ને ધીમે ધીમે પોતાની જૂની ડાંગના ટેકાથી આગળ વધ્યો.

સડકની એક બાજુ ઝાડોની હાર હતી, ને બીજી બાજુ શહેરનો બાગ હતો. અહીં ઠંડી વધારે હતી ને રાત્રિ વધારે 'શીમણી' બનતી હતી. પવન સોંસરવો નીકળી જતો હતો. ને શુક્રના તારાનું મોઢું તેજ, બરફ પડે તેમ પૃથ્વી ઉપર ઠંડીના કટકા જેવું પડતું હતું. જ્યાં બાગનો છેડો હતો ત્યાં છેલ્લામાં છેલ્લી ઢબનું એક રોનકદાર મકાન હતું. ને તેની બંધ બારી તથા બારણામાંથી દીવાનો ઉજાશ બહાર પડતો હતો.

ભાવિક મનુષ્ય દાતારનું શિખર જોઈ જેમ શ્રદ્ધાથી આનંદ પામે તેમ વૃદ્ધ ડોસો આ મકાનની લાકડાની કમાન જોઈ આનંદ પામ્યો. કમાન પર એક જરીપુરાણા પાટિયામાં નવા અક્ષર લખ્યા હતા પોસ્ટઑફિસ.

ડોસો ઑફિસની બહાર પડથાર પર બેઠો. અંદરથી કંઈ ચોક્કસ અવાજ આવતો ન હતો. પણ બે ચાર જણ કામમાં હોય તેમ વ્યવહારિક ગુપસુપ થતી હતી.

'પોલીસ સુપરિન્ટેન્ડન્ટ!' અંદરથી અવાજ આવ્યો. ડોસો ચમક્યો. પણ પાછો શાંત બનીને બેઠો. શ્રદ્ધા અને સ્નેહ આટલી ઠંડીમાં એને ઉષ્મા આપી રહ્યા હતાં.

અંદરથી અવાજ પર અવાજ આવવા લાગ્યા. કારકુન અંગ્રેજી કાગળનાં સરનામાં બોલી બોલી પોસ્ટમૅન તરફ નાખતો જતો હતો. કમિશનર, સુપરિન્ટેન્ડન્ટ, દીવાનસાહેબ, લાઈબ્રેરિયન એમ એક પછી એક અનેક નામ બોલવાનો અભ્યાસી કારકુન ઝપાટાબંધ કાગળો ફેંક્યે જતો હતો.

એવામાં અંદરથી એક મશ્કરીભર્યો અવાજ આવ્યો : 'કોચમૅન અલી ડોસા!' વૃદ્ધ ડોસો હતો ત્યાંથી બેઠો થયો. શ્રદ્ધાથી આકાશ સામે જોયું ને આગળ વધ્યો અને બારણા પર હાથ મૂક્યો : 'ગોકળભાઈ!' 'કોણ?' 'કોચમૅન અલી ડોસાનો કાગળ કીધો નાં?.... હું આવ્યો છું' જવાબમાં નિષ્ઠુર હાસ્ય આવ્યું.

'સાહેબ! આ એક ગાંડો ડોસો છે. એ હંમેશાં પોતાનો કાગળ લેવા પોસ્ટઑફિસ ધક્કો ખાય છે.' કારકુને આ શબ્દો પોસ્ટમાસ્તરને કહ્યા. ત્યાં તો ડોસો પોતાના સ્થાન પર બેસી ગયો હતો. પાંચ વર્ષ થયાં એ જગ્યાએ બેસવાનો તેને અભ્યાસ હતો.

અલી મૂળ હોંશિયાર શિકારી હતો પછી ધીમે ધીમે એ અભ્યાસમાં એવો કુશળ બન્યો હતો કે હંમેશાં જેમ અફીણીને અફીણ લેવું પડે તેમ અલીને શિકાર કરવો પડે. ધૂળની સાથે ધૂળ જેવા બની જતા કાબરચીતરા તેતર પર અલીની દૃષ્ટિ પડે કે તરત તેના હાથમાં તેતર આવી જ પડ્યું હોય! એની તીક્ષ્ણ દૃષ્ટિ સસલાની ખોમાં જઈ પહોંચતી. આસપાસના સૂકા પીળા કાસડા ના કે રાંપડાના ઘાસમાં સંતાઈને સ્થિર કાન કરી બેઠેલા. ચતુર સસલાના ભૂરા મેલા રંગને ક્યારેક ખુદ શિકારી કૂતરા જુદો ન પાડી શકતાં આગળ વધી જતા ને સસલું બચી જતું. પરંતુ ઈટાલીના ગરૂડ જેવી અલીની દૃષ્ટિ બરાબર સસલાના કાન પર ચોંટણી અને બીજી જ પળે તે રહેતું નહિ વળી ક્યારેક અલી મચ્છીમારનો મિત્ર બની જતો.

પણ જ્યારે જીવનસંધ્યા પહોંચતી લાગી. ત્યારે આ શિકારી અચાનક બીજી દિશામાં વળી ગયો એની એકની એક દીકરી મરિયમ પરણીને સાસરે ગઈ. એના જમાઈને લશ્કરમાં નોકરી હતી. તેથી તે પંજાબ તરફ તેની સાથે ગઈ હતી. અને જેને માટે તે જીવન નિભાવતો હતો તે મરિયમના છેલ્લાં પાંચ વર્ષ થયાં કાંઈ સમાચાર હતા નહિ. હવે અલીએ જાણ્યું કે સ્નેહ અને વિરહ શું છે. પહેલાં તો એ તેતરનાં બચ્ચાંને આકુળવ્યાકુળ દોડતાં જોઈ હસતો આ એનો શિકારનો આનંદ હતો.

શિકારનો રસ એની નસેનસમાં ઊતરી ગયો હતો. પરંતુ જે દિવસે મરિયમ ગઈ ને તેને જિંદગીમાં એકલતા લાગી. તે દહાડાથી અલી શિકારે જતાં શિકાર ભૂલી સ્થિર દૃષ્ટિથી અનાજનાં ભરચક લીલાં લીલાં ખેતર જોઈ રહેતો! એને જિંદગીમાં પહેલી વખત સમજાયું કે કુદરતમાં સ્નેહની સૃષ્ટિ અને વિરહના આંસુ છે! પછી તો એક દિવસ અલી એક ખાખરાના ઝાડ નીચે બેસીને હૈયાફાટ રોયો. ત્યારે પછી હંમેશા સવારમાં ચાર બજ્યે ઊઠીને એ પોસ્ટઑફિસે આવતો. એનો કાગળ તો કોઈ દિવસ હોય નહિ. પણ મરિયમનો કાગળ

જન્મ :
તા.૫-૨-૧૯૪૭







અરિહંતશરણ :
તા.૭-૩-૨૦૧૫

# સ્વ. હર્ષદભાઈ રતિલાલ મહેતા

તમે આવ્યા અમારા જીવનમાં, ફૂલછડી બનીને,
ધૂપસળી બની સર્વત્ર મહેંકી ઊઠ્યા,
યાદ તમારી આવતા આંખલડી છલકાય છે,
જોઈ તસ્વીર તમારી, આસું ઊભરાય છે.

## પ્રેમાળ પરિવાર

**સ્વ.વિમળાબહેન રતિલાલ મહેતા**

**શ્રીમતી કિરણબહેન હર્ષદભાઈ મહેતા**

**ચિ.બિનીતા નિખિલેશ ઉતપત્ત**

રમેશભાઈ – હેમલતાબેન
મીનાક્ષીબેન – નરેશભાઈ વોરા
મધુકરભાઈ – પ્રજ્ઞાબહેન
સ્વ.નિર્મળાબહેન કાંતિલાલ વોરા
મનોજભાઈ – કુંદનબહેન
મહેશભાઈ – પ્રીતિબહેન
ઈન્દુબહેન – સ્વ.ભૂપતરાય અજમેરા
પંકજભાઈ – રેખાબહેન
સરલાબહેન – સ્વ.નીતિનભાઈ વોરા

Kayami / March

એક દિવસ આવશે એવી ભક્તના જેવી શ્રદ્ધામાં ને આશાભર્યા ઉલ્લાસમાં તે હંમેશા સૌથી પહેલો પોસ્ટઑફિસે આવીને બેસતો.

પોસ્ટઑફિસ - કદાચ જગતમાં સૌથી રસહીન મકાન - એનું ધર્મક્ષેત્ર તીર્થસ્થાન બન્યું. એક જ જગ્યાએ ને એક જ ખૂણે તે હંમેશા બેસતો એને એવો જાણ્યા પછી સૌ હસતા. પોસ્ટમૅન મશ્કરી કરતો ને ક્યારેક મજાકમાં એનું નામ દઈ, એને એ જગ્યા પરથી પોસ્ટઑફિસના બારણા સુધી, કાગળ ન હોય છતાં, ધક્કો ખવરાવતા. અખૂટ શ્રદ્ધાને ધૈર્ય હોય તેમ એ હંમેશાં આવતો ને દરરોજ ઠાલે હાથે પાછો જતો.

અલી બેઠો હતો એટલામાં એક પછી એક પટાવાળાઓ પોતપોતાની ઑફિસના કાગળો લેવા આવવા લાગ્યા. ઘણું કરીને પટાવાળા એ વીસમી સદીમાં અધિકારીઓની સ્ત્રીઓના ખાનગી કારભારી જેવા છે. એટલે આખા શહેરના દરેકે દરેક ઑફિસરનો ખાનગી ઈતિહાસ અત્યારે વંચાતો !

કોઈના માથા પર સાફો તો કોઈના પગ પર ચમચમાટી કરે તેવા બૂટ - એમ સૌ પોતપોતાનો વિશિષ્ટ ભાવ દર્શાવતા હતા. એટલામાં બારણું ખૂલ્યું. દીવાના અજવાળામાં સામેની ખુરશી પર તુંબડા જેવું માથું ને હંમેશનો દિલગીરીભર્યો ઉદાસીન જેવો ચહેરો લઈ પોસ્ટમાસ્તર બેઠા હતા. કપાળ પર કે આંખોમાં ક્યાંય તેજ ન હોય ત્યારે માણસ ઘણું કરીને ગોલ્ડસ્મિથનો વિલેજ સ્કૂલમાસ્તર, આ સદીનો કારકુન કે પોસ્ટમાસ્તર હોય છે !

અલી પોતાની જગ્યાએથી ખસ્યો નહિં. 'પોલીસ કમિશ્નર !' કારકુને બુમ પાડી ને એક થનથનાટ કરતા જુવાને પોલીસ કમિશ્નરના કાગળ લેવા હાથ આગળ ધર્યો. 'સુપરિન્ટેન્ડન્ટ !' બીજો એક પટાવાળો આગળ આવ્યો - અને આમે ને આમ એ સહસ્ત્રનામાવલિ વિષ્ણુભક્તની જેમ કારકુન હંમેશા પઢી જતો. અંતે સૌ ચાલ્યા ગયા. અલી ઊઠ્યો. પોસ્ટઑફિસમાં ચમત્કાર હોય તેમ તેને પ્રણામ કરી ચાલ્યો ગયો ! અરે સૈકાઓ પહેલાંનો ગામડિયો.


'આ માણસ ગાંડો છે ?' પોસ્ટમાસ્તરે પૂછ્યું. 'હા કોણ ? અલી નાં ? હા સાહેબ, પાંચ વરસ થયાં. ગમે તેવી ઋતુ હોય છતાં કાગળ લેવા આવે છે ! એનો કાગળ ભાગ્યે જ હોય છે !' કારકુને જવાબ આપ્યો. 'કોણ નવરું બેઠું છે ? હંમેશ તે કાગળ ક્યાંથી હોય ?' 'અરે ! સાહેબ, પણ એનું મગજ જ ચસકી ગયું છે ! તે પહેલાં બહુ પાપ કરતો, એમાં કોઈક થાનકમાં દોષ કર્યો ! ભાઈ, કર્યા ભોગવવાં છે !' પોસ્ટમેને ટેકો આપ્યો. 'ગાંડા બહુ વિચિત્ર હોય છે.' હા, અમદાવાદમાં મેં એક વખત એક ગાંડો જોયો હતો. તે આખો દિવસ ધૂળનાં ઢગલા જ કરતો. બસ, બીજું કાંઈ નહિ. એક ગાંડાને હંમેશા નદીને કાંઠે જઈ સાંજે એક પથ્થર પર પાણી રેડવાની ટેવ હતી ! અરે ! એક ગાંડાને એવી ટેવ હતી કે આખો દિવસ આગળને પાછળ ચાલ્યા જ કરે ! બીજો એક કવિતા ગાયા કરતો ! એક જણ પોતાને ગાલે લપાટો જ માર્યા કરતો. ને પછી કોઈક મારે છે એમ માનીને રોયા કરતો !

આજે પોસ્ટઑફિસમાં ગાંડાનું પુરાણ નીકળ્યું હતું. હંમેશાં આવું એકાદ પ્રકરણ  છેડીને એના પર બે-ચાર મિનિટ વાત કરી આરામ લેવાની ટેવ લગભગ બધા જ નોકરવર્ગમાં દારૂની ટેવની જેમ પેસી ગઈ છે પોસ્ટમાસ્તર છેવટે ઊઠ્યા અને જતાં જતાં કહ્યું : 'સાળું, ગાંડાની પણ દુનિયા લાગે છે ! ગાંડા આપણને ગાંડા માનતા હશે, અને ગાંડાની સૃષ્ટિ કવિની સૃષ્ટિ જેવી હશે !' છેલ્લા શબ્દ બોલતા પોસ્ટમાસ્ટર હસીને ચાલ્યા ગયા. એક કારકુન વખત મળ્યે જરા ગાંડાંઘેલાં જોડી કાઢતોને એને સૌ ખીજવતા. પોસ્ટમાસ્તરે છેલ્લું વાક્ય એટલા જ માટે હસતાં હસતાં એના તરફ કરીને કહ્યું હતું. પોસ્ટઓફિસ હતી તેવી શાંત બની રહી. એક દિવસ અલી બે-ત્રણ દિવસ સુધી આવ્યો નહિ. પોસ્ટઑફિસમાં અલીનું મન સમજી જાય એવી સહાનુભૂતિ કે વિશાળ દૃષ્ટિ કોઈનામાં ન હતી. પણ એ કેમ ન આવ્યો. એવી કૌતુકબુદ્ધિ સૌને થઈ પછી અલી આવ્યો પણ તે દિવસે એ હાંફતો હતો ને એના ચહેરા પર જીવન સંધ્યાનાં સ્પષ્ટ ચિહ્ન હતાં.

આજે તો અલીએ અધીરા બનીને પોસ્ટમાસ્તરને પૂછ્યું : 'માસ્તર સાહેબ, મારી મરીયમનો કાગળ છે ?' પોસ્ટમાસ્તર તે દિવસે ગામ જવાની ઉતાવળમાં હતા, ને તેમનું મગજ સવાલ ઝીલી શકે એટલું શાંત ન હતું. ભાઈ, તમે કેવા છો ? 'મારું નામ અલી !' અલીનો અસંબદ્ધ જવાબ મળ્યો. હા પણ અહીં કાંઈ તમારી મરીયમનું નામ નોંધી રાખ્યું છે ! નોંધી રાખોને ભાઈ ! વખત છે ને કાગળ આવે, ને હું ન હોઉં તો તમને ખપ આવે ! પોણી જિંદગી શિકારમાં ગાળી હોય એને શી ખબર કે મરીયમનું નામ એના પિતા સિવાય બીજાને મન બે પૈસા જેટલી કિંમતનું છે ? પોસ્ટમાસ્તર તપી ગયા ! 'ગાંડો છે કે શું ? જા, જા તારો કાગળ આવશે તો કોઈ કાંઈ ખાઈ નહિ જાય !'

પોસ્ટમાસ્તર ઉતાવળમાં ચાલ્યા ગયા અને અલી ધીમે પગલે બહાર નીકળ્યો. નીકળતા નીકળતા એક વખત ફરીને પોસ્ટઑફિસ તરફ જોઈ લીધું ! આજે એની આંખમાં અનાથનાં આંસુની છાલક હતી; અશ્રદ્ધા ન હતી, પણ ધૈર્યનો અંત આવ્યો હતો ! અરે ! હવે મરીયમનો કાગળ ક્યાંથી પહોંચે. એક કારકુન એની પાછળ આવતો લાગ્યો. અલી તેના તરફ ફર્યો : 'ભાઈ !' કારકુન ચમક્યો : પણ તે સારો હતો. 'કેમ ?' જુઓ આ મારી પાસે છે. એમ કહી પોતાની એક જૂની પતરાની દાબડી હતી તેમાંની અલીએ પાંચ ગીની કાઢી. જોઈ કારકુન

## ભાવભરી શ્રદ્ધાંજલિ



# સ્વ. શ્રી કાંતિલાલ અમૃતલાલ શાહ

**જન્મ : તા.૩-૧૧-૧૯૩૬ ❖ સ્વર્ગવાસ : તા.૭-૨-૨૦૧૮**

**મૂળવતન : થાણા દેવડી (અમરનગર) - હાલ : ભાયંદર**

**પિતા એવા હોય છે, જેમના હોવાનો અહેસાસ ક્યારેય થતો નથી**
**પણ ના હોવાનો અહેસાસ બહુ થાય છે**
**''સુખને છલકાવ્યું નહીં, દુઃખને દેખાડ્યું નહીં,**
**જીવન તમે એવું જીવ્યા ભૂલ્યું ભુલાય નહીં.**
**સુગંધ આપના સ્નેહની પ્રસરતી રહેશે,**
**વસ્યા છો દૂર છતાં કૃપા આપની વરસતી રહેશે.''**

## લિ.દક્ષાબેન કાંતિલાલ શાહ પરિવાર

**પુત્ર : અમિત ● પુત્રવધૂ : પૂજા ● પૌત્ર : પ્રથમ**
**પુત્ર : દિવેશ ● પુત્રવધૂ : કિંજલ ● પૌત્ર : અંશ**
**પુત્રી : ગીતા ● જમાઈ : મુકેશકુમાર ● દોહિત્ર : સિદ્ધાર્થ**
**ભાઈ : સ્વ.મનસુખલાલ, દિનેશભાઈ**
**બહેન : સ્વ.કમળાબેન તલકચંદ વસા - સ્વ.મંજુલાબેન વિઠ્ઠલદાસ દોશી - રંજનબેન છબીલદાસ વસા**
**દિવંગત પૂ.આ.દિવ્યાનંદસૂરિશ્વરજી મ.સા.**
**સસરા : જયંતીલાલ ગિરધરલાલ શાહ**
**તેમજ**
**સ્નેહીજનો તથા સમસ્ત શાહ પરિવાર**

Kayami / February

ભડક્યો. ભડકશો નહિ, તમારે આ ઉપયોગી ચીજ છે. મારે હવે તેનો ઉપયોગ નથી, પણ એક કામ કરશો ? શું ? આ ઉપર શું દેખાય છે ? અલીએ શૂન્ય આકાશ સામે આંગળી ચીંધી આકાશ ઉપર અલ્લા છે તેની સાક્ષીમાં તમને આ પૈસા આપું છું. તમારે મારી મરીયમનો કાગળ આવે તો પહોંચાડવો. કારકુન આશ્ચર્યમાં સ્થિર ઊભો : 'ક્યાં ? ક્યાં પહોંચાડવો ?' 'મારી કબર ઉપર !' હેં ? સાચું કહું છું આજ હવે છેલ્લો દિવસ છે ! અરેરે છેલ્લો ! મરીયમ ન મળી કાગળે ન મળ્યો અલીની આંખોમાં ઘેન હતું. કારકુન ધીમેધીમે તેનાથી છૂટો પડી ચાલ્યો ગયો. તેના ખીસામાં ત્રણ તોલા સોનું પડ્યું હતું.

પછી અલી કોઈ દિવસ દેખાયો નહિ અને એની કબર કાઢવાની ચિંતા તો કોઈને હતી જ નહિ. એક દિવસ પોસ્ટમાસ્તર જરાક અફસોસમાં હતા. એમની દીકરી દૂર દેશાવરમાં માંદી હતી. અને તેના સમાચારની રાહ જોતા એ શોકમાં બેઠા હતા. ટપાલ આવી ને કાગળનો થોક પડ્યો રંગ ઉપરથી પોતાનું કવર છે એમ ધારી પોસ્ટમાસ્તરે ઝપાટાબંધ એક કવર ઊંચકી લીધું પણ એના ઉપર સરનામું હતું 'કોચમૅન અલી ડોસા !' વીજળીનો આંચકો લાગ્યો હોય તેમ એમણે તે નીચે નાખી દીધું ! દિલગીરી અને ચિંતાથી થોડી ક્ષણોમાં એમનો અધિકારીનો કડક સ્વભાવ જતો રહી માનવસ્વભાવ બહાર આવ્યો હતો. એમને એકદમ સાંભર્યુ કે આ પેલા ડોસાનું કવર - અને કદાચ એની દીકરી મરીયમનું.

'લક્ષ્મીદાસ !' એમણે એકદમ બૂમ પાડી. લક્ષ્મીદાસ તે જ માણસ હતો કે જેને અલીએ છેલ્લી ઘડીએ પૈસા આપ્યા હતા. કેમ સાહેબ ? આ તમારા કોચમૅન અલી ડોસા આજે હવે ક્યાં છે એ ? તપાસ કરશું. તે દિવસે પોસ્ટમાસ્તરના સમાચાર ન આવ્યા. આખી રાત્રિ શંકામાં વિતાવી. બીજે દિવસે સવારે ત્રણ વાગ્યામાં તે ઑફિસમાં બેઠા હતા. ચાર વાગે ને અલી ડોસા આવે કે હું પોતે જ તેને કવર આપું. એવી આજ એમની ઈચ્છા હતી. વૃદ્ધ ડોસાની સ્થિતિ પોસ્ટમાસ્તર હવે સમજી ગયા હતા. આજ આખી રાત તેમણે સવારે આવનાર કાગળના ધ્યાનમાં ગાળી હતી. પાંચ પાંચ વર્ષ સુધી આવી અખંડ રાત્રિઓ ગાળનાર તરફ એમનું હૃદય આજે પહેલવહેલુ લાગણીથી ઊછળી રહ્યું હતું. બરાબર પાંચ વાગ્યે બારણા પર ટકોરો પડ્યો. પોસ્ટમૅન હજી આવ્યા ન હતા. પણ આ ટકોરો અલીનો હતો એમ લાગ્યું. પોસ્ટમાસ્તર ઊઠ્યા. પિતાનું હૃદયને પિછાને તેમ આજે એ દોડ્યા. બારણું ખોલ્યું.

'આવો અલીભાઈ !' આ તમારો કાગળ !' બારણમાં એક વૃદ્ધ દીન ડોસો લાકડીના ટેકાથી નમી ગયેલો ઊભો હતો. છેલ્લા આંસુની ધાર હજી તેના ગાલ પર તાજી હતી. ને ચહેરા ની કરચલીમાં કરડાઈના રંગ પર ભલમનસાઈની પીંછી કરેલી હતી. તેણે પોસ્ટમાસ્તર સામે જોયું ને પોસ્ટમાસ્તર જરાક ભડક્યા ડોસાની આંખમાં મનુષ્યનું તેજ ન હતું ! 'કોણ સાહેબ ?' અલી ડોસા..! લક્ષ્મીદાસ એક બાજુ તરફથી સરીને બોલતો બારણા પાસે આવ્યો.

પણ પોસ્ટમાસ્તરે તે તરફ હવે લક્ષ ન આપતાં, બારણા તરફ જ જોયા કર્યું. પણ ત્યાં કોઈ ન લાગ્યું. પોસ્ટમાસ્તરની આંખ ફાટી ગઈ ! બારણામાં હવે કોઈ જ હતું નહિ ! એ શું ? તે લક્ષ્મીદાસ તરફ ફર્યા. એના સવાલનો જવાબ વાળ્યો : હા અલી ડોસા, કોણ ? તમે છો નાં ? જી અલી ડોસો તો મરી ગયેલ છે ! પણ એનો કાગળ લાવો મારી પાસે ! હેં ? કે દી ? લક્ષ્મીદાસ ! જી એને તો ત્રણેક મહિના થઈ ગયા ! સામેથી એક પોસ્ટમેન આવતો હતો. તેણે બીજો અરધો જવાબ વાળ્યો હતો. પોસ્ટમાસ્તર દિગ્મૂઢ બની ગયા. હજી મરીયમનો કાગળ ત્યાં બારણામાં પડ્યો હતો ! અલીની મૂર્તિ તેમની નજર સમક્ષ તરી રહી. લક્ષ્મીદાસે અલી છેલ્લે કેમ મળ્યો હતો તે પણ કહ્યું. પોસ્ટમાસ્તરના કાનમાં પેલો ટકોરોને નજર સમક્ષ અલીની મૂર્તિ બન્ને ખડાં થયાં ! એમનું મન ભ્રમમાં પડ્યું : મેં અલીને જોયો કે એ માત્ર શંકા હતી કે એ લક્ષ્મીદાસ હતો.

પાછી રોજનીશી ચાલી પોલીસ કમિશ્નર, સુપરિન્ટેન્ડન્ટ લાઈબ્રેરિયન કારકુન ઝપાટાબંધ કાગળ ફેંક્યે જતો હતો. પણ દરેક કાગળમાં ધડકતું હૃદય હોય તેમ પોસ્ટમાસ્તર આજે એકીનજરે એ તરફ જોઈ રહ્યા છે ! કવર એટલે એક નાનો ને પોસ્ટકાર્ડ એટલે બે પૈસા એ દૃષ્ટિ ચાલી ગઈ છે. ઠેઠ આફ્રિકાથી કોઈ વિધવાના એકના એક છોકરાનો કાગળ એટલે શું ? પોસ્ટમાસ્તર વધારે ન વધારે ઊંડા ઊતરે છે. મનુષ્ય પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી જુએ તો અરધું જગત શાંત થઈ જાય. તે સાંજે લક્ષ્મીદાસ ને પોસ્ટમાસ્તર ધીમે પગલે અલીની કબર તરફ જતા હતા. મરીયમનો કાગળ સાથે જ હતો. કબર પર કાગળ મૂકી પોસ્ટમાસ્તર ને લક્ષ્મીદાસ પાછા વળ્યા. લક્ષ્મીદાસ ! આજે સવારે તમે સૌથી વહેલા આવ્યા કાં ? જી હા. અને તમે કીધું અલી ડોસા જી હા પણ ત્યારે સમજાયું નહિ કે શું.

હાં ઠીક કાંઈ નહિ ! પોસ્ટમાસ્તરે ઉતાવળે વાત વાળી લીધી. પોસ્ટઓફિસનું આંગણું આવતા પોસ્ટમાસ્તર લક્ષ્મીદાસથી જુદા પડી વિચાર કરતા અંદર ચાલ્યા ગયા. એમનું પિતા તરીકેનું હૃદય અલીને ન સમજવા માટે ડંખતું હતું ને આજે હજી પોતાની દીકરીના સમાચાર ન હતા. માટે પાછા સમાચારની ચિંતામાં તે રાત્રિ ગાળવાના હતા. આશ્ચર્ય, શંકા અને પશ્ચાતાપના ત્રિવિધ તાપથી તપતા એ પોતાના દીવાનખંડમાં બેઠા ને પાસેથી કોલસાની સગડીમાંથી મધુર તાપ આવવા લાગ્યો.

**''ધૂમકેતુ'' શ્રેષ્ઠ વાર્તાઓમાંથી સાભાર**

## હાર્દિક શ્રધ્ધાંજલી



# સ્વ. શ્રી નવનીતરાય જેચંદ વસા (મૂળવતન : પાટણવાવવાળા)

**જન્મ : તા.૮-૬-૧૯૪૧ ❖ સ્વર્ગવાસ : તા.૨-૩-૧૯૯૨**

**રહેવાને સદાય દુનિયામાં કોઇ આવતું નથી**
**છતાં તમે ગયા એમ કોઇ જતું નથી**
**વિદાય એવી લીધી કે મન હજી માનતુ નથી**
**નિર્દોષ હસતું મુખડું આપનું નજર સામેથી જતું નથી**
**જીવન એવું જીવી ગયા કે જીવનારા જોયા કરે**
**કર્મ એવા કર્યા કે હૃદયમાં સૌનાં ગુંજ્યા કરે**

વ્હાલના વડલા જેવું આપનું જીવનઅસ્તિત્વ તો અમારી વચ્ચે નથી, પરંતુ એ વડલાની શીતળ છાયા સમાન આપના દ્વારા થયેલું જીવનઘડતર અને સંસ્કારોનું સિંચન, સંઘર્ષ પ્રત્યે સકારાત્મક જીવનશૈલી અને સમતાભાવ અમારા માટે પથદર્શક, પ્રેરણાદાયી અને આશીર્વાદરૂપ બની રહે એજ પ્રાર્થના.

**લિ.**

સ્વ.ફુલકુંવરબેન જેચંદ જૂઠાભાઈ વસા પરિવાર

| | | | | | |
|---|---|---|---|---|---|
| પત્ની | : | પુષ્પાબેન નવનીતરાય વસા | ભાઈ-ભાભી | : | પ્રતાપરાય-અરુણાબેન |
| પુત્રી | : | ડોલી રાજેશ કોરડિયા | ભાઈ-ભાભી | : | પ્રમોદભાઈ-દક્ષાબેન |
| પુત્રી | : | અનિષા અમિત ગાંધી | ભાઈ-ભાભી | : | વિનોદભાઈ-આરતીબેન |
| પુત્રી | : | નિશા કેતન વોરા | પુત્રી | : | નેહા જીગર શાહ |

ભત્રીજી-ભત્રીજા : ડિમ્પલ પારસ વસા - નીકિતા સીજો જોન, જૂલી નીતેશ ભણશાલી
અમી ભાવેશ પટેલ - બિનીત વિનોદભાઈ વસા - હિરલ વિનોદભાઈ વસા
પૌત્ર-પૌત્રી : રીષભ-જય, મિહીર-દેવ, ઈષા, કેવીન, હર્ષ, વિરાજ, પૂજા, રાજ
ફોન : પુષ્પાબેન નવનીતરાય વસા ૦૭૦૨૧૭ ૨૨૫૫૩

**શ્રી સોરઠ વિસા શ્રીમાળી જૈન ઉત્કર્ષ મંડળ - મુલુંડ**

# (તીર્થ સ્પર્શના)

શ્રી સોરઠ વિસા શ્રીમાળી જૈન ઉત્કર્ષ મંડળ દ્વારા તા.૧૦-૨-૨૦૨૩ થી ૧૨-૨-૨૦૨૩નાં સુંદર - વણી - બલસાણા તીર્થ યાત્રાનું આયોજન કરેલ હતું.

અમારી યાત્રા તા.૧૦-૨-૨૩ના બપોરે ૨/૨ A.C બસ દ્વારા મુલુંડથી રવાના થઈ સાંજે શાહપુર ચોવિહાર કરી વણી પહોંચ્યા હતા. રાત્રી રોકાણ વણી કરેલ હતું.

તા.૧૧-૨-૨૩નાં સવારે પ્રક્ષાલ, સેવા-પૂજા વિ. કરી. ત્યારબાદ નવકારશી કરી. અમારી યાત્રા બલસાણા જવા રવાના થઈ હતી. રસ્તામાં માંગીતુગી (દિગંબર ક્ષેત્ર) બપોરના ભોજન માટે રોકાણ થયુ હતું. ત્યારબાદ બલસાણા જવા રવાના થયા હતા. સાંજે ૪ વાગે બલસાણા પહોંચી પ્રથમ દાદાનાં દર્શન - ચૈત્યવંદન (નુતન-ધર્મશાળા)માં કરી.બધા પોતપોતાના રૂમમાં શિફ્ટ થયા હતા.

સાંજે ચૌવિહાર કરી ૭.૩૦ કલાકે સંગીતકાર (નીલેશભાઈ મર્ચન્ટ ત્થા કલાકારો) એ પ્રભુભક્તિની અદભુત રમઝટ બોલાવી હતી. તેમાં વચ્ચે દાતાઓના બહુમાન - સંઘપૂજનનો કાર્યક્રમ પણ રાખેલ હતો.

લગભગ ૩ કલાકે અદભુત પ્રભુભક્તિ કરી હતી.

૧૨-૨-૨૩નાં સવારે નવકારશી કરી બધા સાથે વિમલનાથ દાદાને ભેટવા દાદાના દરબારમાં પહોંચ્યા.

ત્યાં પ્રક્ષાલ-પૂજા વિ.કરી સંગીતકારની સાથે ભગવાનનો સ્નાત્ર મહોત્સવ કર્યો હતો. યાત્રામાં આવેલ દરેક વ્યક્તિ મન મુકીને પ્રભુભક્તિમાં ઝુમ્યા હતા. ૧૨.૩૦ કલાકે ધર્મશાળા પર પરત થઈ બપોરનું ભોજન કરી નેર તીર્થ (મનોવાંછિત પાર્શ્વનાથ) જવા નીકળ્યા હતા. ત્યાં દાદાને જુહારી દર્શન ચૈત્યવંદન કરી અમારી યાત્રા ૪.૩૦ કલાકે ધુલીયા દાદાવાડી પહોંચી હતી. ત્યાં દેવદર્શન સાંજનો ચોવિહાર વિ. કરી સાંજે ૭ કલાકે બસ મુંબઈ તરફ રવાના થઈ હતી. લગભગ રાત્રે ૨ કલાકે બધા સુખરૂપ પોતપોતાના ઘેર પહોંચી ગયા.

દરેક યાત્રિકનાં મુખેથી એકજ શબ્દ હતો.... આહો યાત્રા... અહો યાત્રા... જિનાજ્ઞા વિરુધ્ધ કંઈપણ લખાયું હોય તો ત્રિવિધે - ત્રિવિધે મિચ્છામી દુક્કડમ

લિ.રોહિતભાઇ શેઠ - ભાવનાબેન કાપડીયા
(સેક્રેટરી)નાં સબહુમાન પ્રણામ.






# ૨૨મી પુણ્યતિથિએ શ્રદ્ધાસુમન - સ્મૃતિવંદના



## સ્વ. લાભકુંવરબેન ભગવાનજી મહેતા

*સ્વર્ગવાસ : ફાગણ સુદ-૧, મંગળવાર, તા.૭-૩-૨૦૦૦*

**સુખને છલકાવ્યું નહિ, દુઃખને દેખાડ્યું નહિ, હસતો રાખી ચહેરો.**
**માતાપિતા બની હિંમત, વહાલ અને હૂંફ આપી અમારા જીવનનું ઘડતર કર્યું.**
**કાયમી લીધી વિદાય અને મૃત્યુને કર્યું અમર. વર્ષો વીતી ગયાં પણ તમો**
**અમારા વિચારોમાં, શબ્દોમાં, કાર્યોમાં અને અમારા આનંદમાં હજુ પણ જીવંત છો.**
**અમારી ઉન્નતિ, પ્રગતિ અને સુખ-શાંતિ માટે અમે આપના ઋણી છીએ.**
**હે પરમકૃપાળુ પરમાત્મા, સદ્‌ગતના આત્માને શાશ્વત સુખ અને**
**પરમ શાંતિ અર્પો એવી અમારા સહપરિવારની પ્રાર્થના.**

**આપને અમારા સર્વેની હૃદયપૂર્વક ભાવાંજલિ....**

| | | |
|---|---|---|
| પુત્ર-પુત્રવધૂ | : | વિનોદ - નયના |
| પુત્ર-પુત્રવધૂ | : | આશિષ - ચાંદની |
| દીકરી-જમાઈ | : | સોનલ - વિશાલ |
| પ્રપૌત્રી-પ્રપૌત્ર | : | વિયોના, માહિત |
| દોહિત્ર | : | ક્રિશ |
| પુત્ર-પુત્રવધૂ | : | સુરેશ - જયશ્રી |
| પૌત્ર-પૌત્રવધૂ | : | ભાવીન - કિંજલ |
| પૌત્ર-પૌત્રવધૂ | : | જીમીત - કૃપા |
| પ્રપૌત્ર-પ્રપૌત્રી | : | રિયાન - વિયા |
| બહેન | : | પુષ્પાબેન નવનીતલાલ વસા |

**તથા**

**સમસ્ત મહેતા પરિવાર**

**સૌજન્ય : Elegance Realty, Borivali, Mumbai**

Kayami / March

## ડૉક્ટરની ડાયરી
### દુઆ કા રંગ નહીં હોતા, મગર યે રંગ લે આતી હૈ !!

ડૉ. શરદ ઠાકર ૫ દિવસ પહેલા એક દિવસ ચૂપ રહેવાને બદલે એમણે પોતાની અંતિમ ઈચ્છા વ્યક્ત કરી, 'બેટા, તુ વહુમાંથી દીકરી બની ગઈ હવે તું મારી મા બનીશ? મારે આવતા જન્મે તારી કૂખે અવતરવું છે.'

જિંદગી ટૂંકી વાર્તા નથી. જિંદગી નવલકથા પણ નથી જેમાં બધી ઘટનાઓ સળંગ ક્રમાનુસાર ચાલતી રહે. જિંદગીમાં ક્યારેક એવી ઘટનાઓ બની જાય છે જેનો એકબીજાની સાથે જરા પણ સંબંધ ન હોય તેમ છતાં એ બધી એકમેક સાથે જોડાયેલી લાગે. હેતલબેનના જીવનમાં આવું જ બન્યું. ૩૫ વર્ષનાં હેતલબેન અને ૩૭ વર્ષના હર્ષદભાઈ બે દિકરીઓના મમ્મી પપ્પા, મધ્યમ વર્ગના સમૂજ કુટુંબમાં રહે. બે દિયર દેરાણી અને એમનાં બાળકો પણ ખરાં. સાસુમાં ગુજરી ગયા હતા. વયોવૃદ્ધ સસરા હયાત. નાની દિકરી ત્રણ વર્ષની થઈ ત્યારે એક રાત્રે બેડરૂમમાં હેતલબેને પતિની સમક્ષ પોતાના મનની વાત રજૂ કરી, 'સાંભળો છો? આપણી ટીનાએ ત્રણ વર્ષ પૂરા કર્યા. હવે આપણે પ્રેગનન્સી માટે પ્રયત્ન કરીએ?' હર્ષદભાઈ નોકરી પરથી થાકીને આવ્યા હતા. ટૂંકા પગારમાં માંડ માંડ ઘરખર્ચમાં પોતાનું યોગદાન આપતા હતા. એમાં ત્રીજા બાળકનું યોગદાન આપવાની વાત એમને ખૂંચી ગઈ. એમણે ઠપકાભર્યા અવાજમાં કહ્યું, 'આ જમાનામાં બેથી વધારે સંતાનો તો શ્રીમંતોને પણ પરવડતાં નથી. તું કઈ હેસિયત પર ત્રીજી વારમાં બનવાની વાત કરી રહી છે. ભગવાનની દીધેલી બે દીકરીઓ તો છે. તો પછી?' હેતલબેને પતિના છેલ્લા વાક્યનો છેડો પકડી લીધો. બે દિકરીઓ જ છે ને! દીકરો તો નથી ને? તને દીકરી-દીકરા વચ્ચે કોઈ ફરક લાગે છે. આ જમાનામાં આવો ભેદભાવ કરે છે? સરકાર કહે છે એ તું જાણે છે ને? બેટી બચાઓ, બેટી પઢાઓ. હેતલબેને પોતાની મૌલિક દલીલ રજૂ કરી, હું ક્યાં સ્ત્રી ભ્રૂણહત્યાની વાત કરું છું. આપણી બંને દીકરીઓને હું પ્રેમથી સાચવું છું ને! સમાજને મારા તરફથી બે દીકરીઓની ભેટ આપી દીધા પછી જો હું એક દીકરાની આશા રાખું તો એમાં ખોટુ શું છે? બસ આ છેલ્લો ચાન્સ. હર્ષદભાઈએ પૂછ્યું ધાર કે આ છેલ્લા પ્રયત્નમાં પણ દીકરી જ આવી તો? તને ખાતરી છે કે ત્રીજી ડિલિવરીમાં દીકરો જ આવશે? આવી ખાતરી તો કોણ આપી શકે? હેતલબેન ચૂપ થઈ ગયાં. પડખું ફેરવીને સૂઈ ગયા. આ ઘટના સાથે સહેજ પણ નિસ્બત ન હોય તેવી ઘટના બે વર્ષ પછી બનવા પામી. હર્ષદભાઈના વયોવૃદ્ધ પિતાને પેરેલિસિસનો એટેક આવ્યો. બિચારા મનુદાદા પથારીવશ થઈ ગયા. એમની સારવાર કરનાર ફિઝિશિયને દવા ઉપરાંત સલાહ પણ આપી. બાપુજીને ખૂબ સાચવવા પડશે. લાંબો સમય પથારીમાં સૂતા રહેવાથી પાછળના ભાગમાં ભાઠાં પડી જવાની શક્યતા રહે છે. પથારીની ચાદરમાં એક પણ કરચલી રહેવી ન જોઈએ. દિવસમાં ત્રણ-ચારવાર પીઠ ઉપર ટેલ્કમ પાઉડર છાંટવાનું રાખજો. એકવાર જો અલ્સર્સ થઈ ગયાં તો હેરાનગતિનો પાર નહીં રહે. પથારી ભીની થવી ન જોઈએ. સ્પન્જબાથ ઝાડો-પેશાબ પથારીમાં જ કરાવ્યાં પછી શરીર અને પથારી બંને કોરાં કરી નાખજો. દાદા ભલે લાંબું ન જીવે પણ જેટલું જીવે તે પીડારહિત જીવે એવું કરજો. આ તો મોટી ઉપાધિ આવી પડી. મનુદાદાના બધા દીકરાઓ આખો દિવસ નોકરીએ ગયા હોય. ઘરમાં એકલી વહુવારુઓ જ હાજર હોય. સસરાની શારીરિક સફાઈ કરવામાં વહુઓને મર્યાદા તો નડે જ એટલે દિવસનો અને રાતનો મળીને બે માણસો રાખવા પડ્યા. આવું કામ કરવા માટે પગાર પણ વધારે આપવો પડે દર મહિને ૨૨ હજાર રૂપિયા પગાર પેટે જ ખર્ચાઈ જવા લાગ્યા. એક મહિનો પસાર થઈ ગયો પરિવારમાં મંત્રણા ચાલી. આવું ક્યાં સુધી ચાલશે. પિતાજી માટે બધાને ખૂબ લાગણી પણ ઘરની આર્થિક સ્થિતિ એટલી સદ્ધર નહીં કે છૂટા હાથે નાણાં ખર્ચી શકાય અને પિતાજીની સારવાર પાછળના બીજા ખર્ચાઓ તો ઊભા જ હતા. નાની વહુ હેતલે મોટો નિર્ણય લઈ લીધો. મીટીંગમાં તો એણે આટલું જ કહ્યું,'આવતીકાલે મહિનાની છેલ્લી તારીખ છે. બંને માણસોને પગાર આપીને છૂટા કરી દઈશું.' પહેલી તારીખથી હું કંઈક નવી વ્યવસ્થા કરી લઈશ. આ નવી વ્યવસ્થા એટલે શું એ કોઈને સમજાયું નહીં. હેતલબેન સવારના પહોરમાં સસરાના રૂમમાં ગયા. પગ પર માથું અડાડીને સસરાની સન્મુખ જઈ બેઠા. પછી બોલવાનું શરૂ કર્યું, 'બાપુજી, અત્યારસુધી હું તમારી પુત્રવધૂ હતી. આજે તમારી દીકરી બનીને કશુંક માગવા આવી છું. આવતીકાલથી તમારી સેવાની જવાબદારી હું સંભાળીશ. હું મારા મનમાંથી સસરા અને વહુ વચ્ચેની જે મર્યાદા આપણા સમાજમાં ચાલતી આવે છે એને આજથી જ ભૂલી જાઉં છું. તમે પણ હવે મને દીકરાની વહુ સ્વરૂપે ન જોશો. બધી શરમ, બધો સંકોચ છોડી દેજો. આ એક મહિનામાં મેં ઘણુંબધું શીખી લીધું છે કે પેરેલિસિસવાળા દર્દીની સંભાળ કેવી રીતે લેવાય.' લાચાર મનુદાદા આંખોમાંથી આંસુ વહાવી રહ્યાં. બીજા દિવસથી ખરેખર હેતલબેને સસરાની સુશ્રુષાની જવાબદારી પોતાના માથા પર લઈ લીધી. દાદાને

# SHRI SORATH VISHASHRIMALI JAIN UTKARSH MANDAL- MULUND

Regd. Office : D/2, 305, Shital CHS, Sarvodaya Nagar, Near Jain Temple, Mulund (W), Mumbai - 80.

REGD. NO. GBBSD-553/2016

સમજણ + સરળતા + સહકાર = સફળતા

## New Committee 2022-2025

**( A.G.M 20 / 11 / 2022 -(01/12/2022 to 31/ 03/2025))**

**I. P. P.**
Shri Gunvantbhai Vrajlal Mehta
Mulund, Native - Jetpur
: 98223 97900
: gvmehta1951@gmail.com

**President**
Shri Rajeshbhai Uttamchand Shah
Mulund, Native - Derdi (Kumbhaji)
: 98211 68973
: Info@diamondhospitality.in

**Vice President**
Shri Nilesh Mahendrabhai Vora
Mulund, Native - Dhoraji
: 93239 53652
: nileshmvora@gmail.com

**Secretary**
Shri Rohit Manilal Sheth
Mulund, Native - Chhodvadi
: 93206 62643
: jainament@gmail.com

**Secretary**
Smt. Bhavna Chetanbhai Koradia
Mulund, Native - Ranpur
: 93242 40122
: c.koradia@yahoo.com

**Treasurer**
Shri Pratik Girish Vasa
Mulund, Native - Vanthali
: 97736 02900
: pratikvasa1@gmail.com

**Treasurer**
Shri Bhavesh Vinodrai Bhimani
Mulund, Native - Motadevlia
: 90046 79977
: bbhimani9@gmail.com

## COMMITTEE MEMBERS

Shri Rajendra Ottamchand Punatar
Mulund, Native - Devgam
: 93231 41595 / 70212 01280
: crcmumbai@gmail.com

Shri Hardik Navnitlal Vora
Mulund, Native - Vanthali
: 93214 57223
: hardik.ntc@gmail.com

Shri Dipen Madhukant Mehta
Mulund, Native - Jamkandorna
: 99303 10687 / 93200 10687
: dipen_mehta@yahoo.com

Shri Prakashbhai Chimanlal Dholakia
Dombivali, Native - Vadal
: 98190 31790
: dholakiaprakash@gmail.com

Smt. Jolly Piyushbhai Parekh
Mulund, Native - Manekwada
: 93236 90295
: jollyparekh88@gmail.com

Shri Bharat Pranlal Mehta
Bhiwandi, Native - Vadal
: 98900 12511
: bharatmehta2767@gmail.com

Shri Deepak Chandrakant Shah
Mulund, Native - Thanadevli
: 93212 11789
: deepakcshah@yahoo.com

## CO-OPTED MEMBERS

Shri Jignesh Jawaharbhai Mehta
Bhiwandi, Native - Dhoraji
: 93711 17851
: jigneshmehta989@gmail.com

Dr. Miss Komal Harshad Mehta
Bhiwandi, Native - Vanthali
: 95616 06050
: komalmehta485@gmail.com

## SPECIAL ADVISORY COMMITTEE

Shri Hasmukhbhai Ottamchand Punatar
Mulund, Native - Devgam
: 93231 43473
: gaurang.punatar@venusgroup.com

Shri Pareshbhai Manilal Sheth
Mulund, Native - Chhodvadi
: 919920787842 / 8928731268
: pareshsheth64@gmail.com

Shri Maheshbhai Mathuradas Savadia
Mulund, Native - Porbunder
: 9820808644
: maheshsavadia@gmai.com

નિર્વસ્ત્ર કરીને આખા શરીરે સ્પન્જબાથ આપવું. એમના માથા પર પાઉડર છાંટવો, તેમને ઝાડો-પેશાબ કરાવવા. પછી અંગોની સફાઈ કરવી. કપડાં પહેરાવવા, ચાદર બદલવી આ તમામ ક્રિયાઓ હેતલબેન જાતે કરવાં માંડ્યાં. દાદાનાં અચેતન અંગોને કસરત કરાવતી વખતે વહુ ફિઝિયોથેરપિસ્ટ બની જતી હતી અને પોતાના હાથથી દાદાજીના મોંમાં ભોજનના કોળિયા મૂકતી વખતે તે અન્નપૂર્ણા બની જતી હતી. આવી ચાકરી હેતલબેનને બે-ચાર અઠવાડિયાં નહીં પણ પૂરા આઠ મહિના સુધી કરી. મનુદાદાની આંખોમાંથી હવે આંસુની સાથે હવે આશીર્વાદ પણ વરસતા હતાં. હોઠ ફફડાવીને મંદ સ્વરમાં તેઓ બોલી જતા હતા, 'હેતલ, તું મારી વહુ થઈને જે સેવા કરી રહી છે' બાપુજી મેં કહ્યું ને કે હું તમારી વહુ નહીં પણ દીકરી છું. હેતલબેન મનુદાદાને અટકાવીને આ વાક્ય બોલી જતાં હતાં. મનુદાદા ચૂપ થઈ જતા હતા. એક દિવસ ચૂપ રહેવાને બદલે એમણે પોતાની અંતિમ ઇચ્છા વ્યક્ત કરી દીધી. બેટા, તુ મારી વહુ તરીકે આ ઘરમાં આવી હતી. એમાંથી મારી દીકરી બની ગઈ. હવે એક કામ કરીશ? તું મારી માં બનીશ? મારે આવતા જન્મે તારી કૂખે અવતરવું છે. વાતાવરણ અત્યંત સંવેદનાસભર બની ગયું. ૮૦ વર્ષના સસુર અને ૩૫ વર્ષની પુત્રવધૂ ચુપચાપ આંસુ વહાવતા રહ્યા. એ પછી પાચમાં દિવસે મનુદાદાએ દેહ છોડી દીધો. કારજક્રિયા સંપન્ન થયા પછી એક મહિના બાદ ત્રીજી ઘટના બની જેને ઉપરની ઘટના સાથે કશી જ નિસ્બત ન હતી. મોડી રાત્રે થાકેલા પતિને હેતલબેને સમાચાર આપ્યા, સાંભળો છો? આજે સવારથી મને ઊલટી-ઉબકા શરૂ થયાં છે. આવતીકાલે આપણે ડોક્ટરને ત્યાં જઈ આવીએ. હર્ષદભાઈએ વાતને હસી કાઢતા કહ્યું, પાગલ તો નથી થઈ ગઈ ને? તને પ્રેગ્નન્સી રહેવાની શક્યતા જ ક્યાં છે? તું તો ઓરલ પિલ્સ લે છે. હેતલબેને મોં મલકાવ્યું. તમારી વાત સાચી છે. હું છેલ્લા છ વર્ષથી નિયમિતપણે ગોળીઓ ખાતી રહી છું. પણ ગયા મહિને મેં પિલ્સ લેવાનું બંધ કરી દીધું હતું. એવું કરવાનું કઈ કારણ? હર્ષદભાઈ અકળાયા. કારણ છે મારે માં બનવું છે. આ વખતે મારે દીકરાની માં બનવું છે. તમારે મને કંઈ કહેવાનું નથી. મારે ગર્ભનું જાતિ પરીક્ષણ પણ કરાવવું નથી. હેતલબેનના અવાજમાં મક્કમતા હતી. હર્ષદભાઈએ એમની જૂની અને જાણીતી દલીલ ફરીથી દોહરાવી ધાર કે આ સુવાવડમાં પણ દીકરી આવી તો? તને ખાતરી છે કે દીકરો જ આવશે? આ પ્રશ્નનો જવાબ પૂરા મહિને મળી ગયો. હેતલબેનના નવજાત પુત્રને રમાડવ માટે આવતા તમામ સગાંઓના હોઠ પર એક જ વાક્ય હતું. દીકરો અદ્દલ મનુદાદા જેવો દેખાય છે.

## સકલ વિશ્વનું પરમ મંગલ હો જય મંગલ હો!

પં.શ્રી ભુવનસુંદરજીવિજયજી ગણિ
પં.શ્રી ગુણસુંદરજીવિજયજી ગણિ

રાજગૃહિના શ્રેણિક રાજા અને ધારિણી મહારાણીના પુત્ર મેઘકુમારે વૈરાગ્યથી સાધુ ભાગવતી દીક્ષા લીધી. રાત્રિમાં સાધુઓને જવા-આવવાના કારણે એમના પગની ધૂળવાળાથી થયેલા સંથારાના કારણે મેઘકુમાર મુનિને રાત્રીમાં ઉંઘ જ આવી નહીં, દુર્ધ્યાન થયું દીક્ષાજીવન છોડવાનો વિચાર થયો. એ વિચારપૂર્વક એઓ પ્રભુશ્રી મહાવીર-વર્ધમાનસ્વામી પાસે આવ્યા. પ્રભુએ એમનો વિચાર જાણેલો જ હતો એટલે મેઘકુમારના જીવે હાથીના ભવના સસલાની જે જીવદયા કરી હતી. એને યાદ કરાવી. વિતરાગ સર્વજ્ઞ અભયદાન દાતા શિરોમણી પ્રભુ ખુદ ધર્મસારથી બની મેઘકુમાર મુનિને સમજાવે છે તે અત્યંત પવિત્ર કિમતી શબ્દો છે. હે મેઘ! તે પ્રાણી-ભૂત-જીવ-સત્ત્વોની અનુકમ્પાથી તમોએ તમારો સંસાર ટૂંકાવ્યો પરીક કર્યો અને તમે મનુષ્યના આયુષ્યનો બંધ કર્યો. ''સર્વસંયમવંત મેઘકુમાર મુનિ સાધુધર્મમાં સ્થિર થયા. અનુક્રમે પાંચ અનુત્તર પૈકીના વિજયમાનમાં તેત્રીસ સાગરોપમના આયુષ્યવાળા દેવ બન્યા. ત્યાંથી મહાવિદેહે ક્ષેત્રમાં મનુષ્ય બની ચારિત્રવાન બની મોક્ષ પામશે.. અહો! જીવ અનુકંપાનો કેટલો મહાન પ્રભાવ! દયાપ્રધાન જીવનની કેવી બલિહારી!

લોકો જેમને માટે ''બિલકુલ કામ ન આવે'' એનું સમજી કાં કતલખાને જવા દે છે અથવા તો રખડતા મૂકી દે છે તેવા ખોડા પશુ-ઢોરને જીવાડવા ખાવાનું-પીવાનું-રહેવાનું-દવા વગેરેની સગવડ પુરી પાડતી અને એમને શાતા-સમાધિ આપવાના નક્કર પ્રયત્નોવાળી પાંજરાપોળનો આદર્શ બતાવનાર પરકૃપાળુ ત્રિભુનભાનુ-સુંદરગુણકંદ પરમેશ્વરને વંદના એમના એ આદર્શને ઝીલનાર દયાળુ દીલવાળા ભવ્યાત્માઓ ખરેખર ધન્યાવાદ પાત્ર છે.

લોહિયાળ-ક્રાંતિ-કાપાકાપી-કતલ-મારામારી આદિ દ્વારા માનવ વસતીને અડધી કરી નાખી. બાકીના બચેલા લોકોને સુખી કરવાની કલ્પના કોઈ જગ્યાએ સાંભળ્યુ છે તે હરગીઝ ન જ શોભે...બીજા માનવની ઘોર હિંસા બાદ વસતી ઘટાડવાનો અને એ પછી બચેલા લોકોને ભાગે બમણી જગા,બમણાં મકાન આવશે. આવી રીતના બચેલા લોકોની સુખ-સગવડતાની કલ્પના કહો, મોત પામેલા લોકોની ભયંકર ત્રાસ-પીડા-મુશીબત-અસમાધિ પર ઊભી થયેલી સુખની આ કલ્પના ત્રણ કાળમાં કોઈને સુખી ન જ કરી શકે.. આકલ્પના પણ કરનાર માટે ભયંકર દુઃખ-ત્રાસ પ્રદાયક બને જ બને. બીજાને કારમી પીડા કરીને શું ખરું સુખ મળે ખરું? ''સકલ વિશ્વનું જય મંગળ હો કલ્યાણ હો-ભલુ હો'' પરમ કૃપાભંડાર પરમત્માએ આપેલ આ ભાવનાને સાકાર કરવાના પ્રયત્નથી જ સાચા-સંપૂર્ણ-સર્વકાળના સુખના માર્ગે આગળ ધપાય છે. એ સનાતન સત્ય સ્વીકારવું જ રહ્યું! અસ્તુ!

પં.મૌલિક ફ્લેટ, ઓપેરા ફ્લેટની સામે, સુખીપુરા સોસાયટી, પાલડી. અમદાવાદ- ૩૮૦૦૦૭

## અવસાન નોંધ

**શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મરણ**

❖ પાટણવાવ નિવાસી શ્રી ચંદ્રકાન્ત હરીલાલ વસા ઉંમર વર્ષ ૮૬ હાલ કાંદિવલી ઈસ્ટ તારીખ ૦૩-૦૨-૨૦૨૩નાં રાત્રે ૯.૩૦ વાગે અરિહંત શરણ પામેલ છે. નિવાસ સ્થાન - ૮૦૪, ચૈતન્ય કોહિનૂર, અશોક ક્રોસ રોડ નં.૩, બેંક ઓફ બરોડાની બાજુમાં, કાંદિવલી, મુંબઈ-૪૦૦૧૦૧. સંપર્ક - મનીષભાઈ વસા : ૯૯૨૦૫૭૮૯૯૯

❖ દેરડી નિવાસી, હાલ બેંગલોર સ્વ.સવિતાબેન ઉત્તમચંદ ઠાકરશી શાહના સુપુત્ર હરેશભાઈના ધર્મપત્ની જયશ્રીબેન (ઉ.વ.૬૧), તે રીમા તથા નીરવના માતુશ્રી, સતીષ તથા હેતલના સાસુ, પ્રબોધભાઈ, રાજેશભાઈ, તરલાબેન અરવિંદભાઈ ભીમાણી, સ્વ. ભારતીબેન અને પ્રતિભાબેન રાજેન્દ્ર પુનાતરના ભાઈના પત્ની, સ્વ.પ્રફુલ્લાબેન તથા ઉષાબેનના દેરાણી, વિયાના દાદી પિયરપક્ષે ભાવનગર નિવાસી સ્વ.મનસુખલાલ પાનાચંદ વોરાના દીકરી, નરેશભાઈ અને વર્ષાબેન મુકેશભાઈ શાહ (હુબલી)ના બહેન. તા.૦૫-૦૩-૨૦૨૩ રવિવાર (ફાગણ સુદ ૧૩)ના રોજ નવકાર મહામંત્રનું સ્મરણ કરતા બેંગલોર મુકામે અરિહંત શરણ પામેલ છે.

❖ મૂળ વંથલી નિવાસી હાલ ભાયંદર મંજુલાબેન મગનલાલ વસા ઉ.૯૦, તા.૧-૩-૨૩ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે કપુરચંદ સવચંદ વસાના સુપુત્ર મગનલાલના ધર્મપત્ની તે અશ્વિનભાઈ, અરુણભાઈ, ગીરીશભાઈ, મુકેશભાઈ, વિજયભાઈ, અ.સૌ.સાધનાબેન નીપૂલ દોશીના માતુશ્રી, અ.સૌ.નલીનીબેન, મધુબેન, કાશ્મીરાબેન, બીનાબેન, જ્યોતિબેનના સાસુ, પિયર પક્ષે મજેવડી નિવાસી જગજીવન શામજી મહેતાના દીકરી, પ્રવિણભાઈ, જયંતિભાઈ તથા ચંપાબેન મોહનલાલ વારિયાના બહેન.

❖ મોટા ઉજળા હાલ બોરીવલી ભારતી હિંમતભાઈ ઉત્તમચંદ દોશીના પુત્ર કાર્તિક દોશી (ઉ.વ.૪૪) તે ૭-૩-૨૩ના અરિહંતશરણ પામેલ છે. તે કલ્પનાબેનના પતિ, પ્રીતિના પિતા, મીનલ સંદીપ તોલીયા તથા સોનાલી નિમેષ પારેખના ભાઈ, પ્રેમનાથ બેલછડાના જમાઈ. સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

❖ કોલકી નિવાસી ભાયંદર હસમુખલાલ ત્રિભુવનદાસ શાહ (ઉ.વ.૭૯) તે સ્વ.શિવકુંવરને ત્રિભુવનદાસ પાનાચંદ શાહના પુત્ર, સ્વ.કોકિલાબેનના પતિ, સ્વ.ભોગીભાઈ, સ્વ.રમણીકભાઈ, સ્વ.તારાબેન, ધીરૂભાઈ, જીતુભાઈના ભાઈ, ભાવિક તથા હીરલના પિતા. રેશ્મા તથા ભારતીના સસરા, સસુર પક્ષ બગસરા નિવાસી સ્વ. જયસુખલાલ કાલીદાસ દોશીના જમાઈ. તા.૧૩-૩-૨૩ના રોજ અરિહંત શરણ પામલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

❖ સોરઠ વંથલી નિવાસી, હાલ વડાલા (મુંબઈ), સ્વ. મુક્તાબેન કપુરચંદ વોરાના પુત્ર શ્રી લજપતરાય કપુરચંદ વોરા (ઉ.વ.૮૧) તા.૧૩-૨-૨૩ સોમવારના અરિહંત શરણ પામેલ છે. તે મધુબેનના પતિ, સ્વ. ભાનુબેન લલિતકુમાર મહેતા, સ્વ.કિશોરભાઈ, સ્વ.મહેન્દ્રભાઈ, હસમુખભાઈના ભાઈ તે મીઠાપુર નિવાસી સ્વ.રતીલાલ વેલજી મહેતાના જમાઈ, મિલન, કેતન તથા નયનના પિતા, પાયલ, જીજ્ઞા તથા સિધ્ધિના સસરા, જીત, દિશા, શાશ્વી, સિનાયા, સિયોના, હેતાર્થના દાદા.

❖ સિળોદર નિવાસી, હાલ ભાયંદર, દમયંતીબેન મહેન્દ્રકુમાર મહેતાના સુપુત્ર રાજેશ મહેન્દ્રકુમાર મહેતા (ઉ.વ.૫૭) તા.૦૯-૦૩-૨૦૨૩ના અરિહંતશરણ પામેલ છે. તે જલ્પાબેનના પતિ, સાહિલના પિતા, તે ગં.સ્વ.નમિતાબેન જયેશકુમાર શાહના ભાઈ, તે શ્યામસુંદર શર્માના જમાઈ. તે જયંતભાઈ, પ્રકાશભાઈ, રશ્મિભાઈના ભાઈ.

❖ ભૂખલી સાણથલી હાલ કાંદિવલી, વાડીલાલ વચ્છરાજ દોશી ના સુપુત્ર, રાજેન્દ્ર વાડીલાલ દોશી. ઉ.વર્ષ ૬૧, તે અલકાબેનના પતિ, સાગરના પિતા, જવાહરભાઈ, અરવિંદભાઈ, જીતુ ભાઈ, જયશ્રીબેન અને સરોજબેનના ભાઈ, પોરબંદર નિવાસી હાલ કાંદીવલી સ્વર્ગસ્થ કંચનબેન કાંતિલાલ છોટાલાલ સાવડીયા ના જમાઈ તથા રાજેશભાઈ સાવડીયાના બનેવી તા.૧૫-૦૩-૨૦૨૩ બુધવારના રોજ અરિહંત શરણ પામેલ છે.

❖ મોટી પાનેલી નિવાસી, હાલ ઘાટકોપર અ.સૌ.પ્રજ્ઞાબેન અશ્વિન શેઠના ધર્મપત્ની, તે નિર્મિત તથા જતીનના માતુશ્રી, શેફાલી, નિપાના સાસુ, હૃદય, શ્રીયા, હિયાન, વંશીના દાદી, સ્વ.જયંતભાઈ, પ્રફુલ્લાબેન ચન્દ્રકાંતભાઈ શેઠ, નિલાબેન મનહરભાઈ શાહના ભાભી, સ્વ.અરુણાબેનના જેઠાણી, અલ્પા, હિતેન તથા રુચિના ભાભુ, સ્વસુરપક્ષે જામનગર નિવાસી સ્વ.લલિતાબેન રતિલાલ શાહના દીકરી, અ.સૌ.ભારતીબેન તથા અંજલિબેનના નણંદ, મહેશભાઈ શાહ તથા જીજ્ઞેશભાઈ શાહના બેન.

## નવા સરનામા

**MAHESH NATWARLAL THAKKAR**
A-403 SHREE MANGAL BUILDING, DERASAR LANE
NEAR HARIDAS NAGAR, OPP SONY TOWER,
BORIVALI ( WEST ), MUMBAI -400092
Mo: 98212 21889

**DEEPAK NAGARDAS MEHTA**
A-504 NEW SAMBHAV CHS LTD, VENKTESH PARK,
OPP: MTNL OFFICE,
BHAYANDER (WEST), THANE-401101.
Mo.: 9969121992

**KIRTIKUMAR JESUKHLAL MEHTA**
A/303, KOMAL TOWER, PATEL NAGAR NO.1,
STATION ROAD, BHAYANDER (WEST),
THANE - 401101.

## માર્ચ માસના મુખપત્રના સૌજન્યદાતા
# શ્રીમતી ઇન્દુબેન શ્રીકાંતભાઇ વસા



શ્રીમતી ઇન્દુબેન શ્રીકાંતભાઇ વસાએ આપણા સમાજના મહિલા વર્ગને નેતૃત્વ પૂરું પાડ્યું છે. તેઓએ અંધેરી, બાંદરા એસ.વી. જૈન સોશ્યલ સેન્ટરના લેડીઝ વીંગના ચેરપર્સન તરીકે યશસ્વી કામગીરી બજાવી હતી.


શ્રીકાંતભાઇ વસાની સફળતા પાછળ તેઓ એક મજબૂત પ્રેરક બળ રહ્યાં છે. તેમણે સામાજિક કાર્યો સાથે ગૃહિણી તરીકેની ફરજ ઉત્તમ રીતે નિભાવી છે અને પ્રસન્ન દામ્પત્યમાં મધુરતાની મહેંક ઉભી કરી હતી.

સંબંધોમાં સરળતા, મિલનસાર સ્વભાવ, મૈત્રીભાવ, દયા અને કરુણા આ બધા ગુણોએ તેમના વ્યક્તિત્વને નવો ઓપ આપ્યો છે. પારિવારીક શાંતિ, સદ્‌ભાવ અને સર્વને ઉપયોગી થવાનો ભાવના હંમેશાં તેમના દિલમાં વહેતી રહી છે અને તેમના પરિચયમાં આવતા સૌ કોઈની લોકપ્રિયતા હાંસલ કરી છે. પરિવારમાં શિક્ષણ, શિસ્ત અને સંસ્કારનું સિંચન કરીને એક સુખી જીવનનું અનેરું દૃષ્ટાંત પૂરું પાડ્યું છે. બંને દીકરીઓને ઉચ્ચ શિક્ષણ આપીને તેમને જીવનમાં પોતાની રીતે સ્વમાનથી કઈ રીતે ઊભા રહેવું તેના સંસ્કાર આપ્યા છે. તેમની મોટી પુત્રી આર્કિટેક્ટ (ડાયમંડ જ્વેલરી) તથા નાની પુત્રી સી.એ. ફાઇનાન્શિયલ કન્સલ્ટન્ટ છે અને તેમણે સફળ કારકિર્દી બનાવી છે.

ઇન્દુબેનને કોઇપણ જાતનું અભિમાન કે કીર્તિ પ્રસિદ્ધિનો મોહ નથી. જે કાંઇ કરવું તે ચુપચાપ કરવું અને તેનો સંતોષ માણવો એ તેમનો સ્વભાવ છે. તેઓ મહાવીર જૈન વિદ્યાલયના પેટ્રન અને હિતવર્ધક છે. ઇન્દુબેન ખૂબ જ વ્યવહારકુશળ, પ્રેમાળ અને આનંદસભર વ્યક્તિત્વ ધરાવે છે. આદર્શ ગૃહિણી, સર્વગુણ સંપન્ન નારી, મમતાળુ માતા તરીકેની ભૂમિકા તેમણે સુપેરે નિભાવી છે.

સાવરકુંડલાથી મુંબઇ જેવા શહેરમાં આવીને પોતાની ડહાપણ, સમયસૂઝથી પરિવારમાં સમાઇ જઈને તેમણે સર્વેના દિલ જીતી લીધાં હતાં અને પોતાની આતંરશક્તિ દ્વારા જીવનને સમૃદ્ધ બનાવ્યું છે. જીવનમાં ભણતર કરતાં ગણતર વધુ મહત્ત્વનું છે અને જીવન એક મોટી પ્રયોગશાળા છે અને એમાં શીખતાં રહેવાનું છે એ તેમણે અનુભવથી સાબિત કર્યું છે.

તેઓ સંગીત, સાહિત્ય અને કલામાં ઊંડો રસ ધરાવે છે અને કલાગુર્જરી જેવી અનેક સંસ્થાઓ સાથે જોડાયેલાં છે. જીવનમાં સુખ અને દુઃખનું સમાનભાવે સ્વાગત કર્યું છે અને બધાંમાંથી પસાર થઈને તેમણે જીવનને ધ્યેયપૂર્ણ બનાવ્યું છે.




Printed & Published by Jayesh S. Vasa on Behalf of Shri Sorath Visashrimali Jain Samaj, Printed at Lucky Printers, First Floor, 40, Mehta Industrial Estate, Liberty Garden, Malad (West), Mumbai - 400 064 & Published from Shri Sorath Visashrimali Jain Samaj, Tarachand Dhanjibhai Mehta Karyalaya, Devkaran Mansion, Block No.7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Editor : RAJENDRA O. PUNATAR